**તેજી હોય કે પછી મંદી,**
બજાર તરફનો સાચો દ્રષ્ટિકોણ ઉજાગર કરી,
નાના રોકાણકારોના હિતને ધ્યાનમાં રાખી,આધુનિક આર્થિક
પ્રવાહો તેમ જ શેર, કોમોડીટી, ફોરેક્ષ વગેરે બજારોની ચાલને
તાદશ્ય રજૂ કરી, દેશના ખૂણે ખૂણેથી આવેલ નિષ્ણાતોની સોનેરી
સલાહ સાથે અમદાવાદથી પ્રકાશિત થતું, આર્થિક સાપ્તાહિક
ધી ઇકોનોમિક રેવલ્યૂશન
**ગુજરાતી તેમ જ અંગ્રેજી બંને ભાષામાં ઉપલબ્ધ**
વધુ માહિતિ માટે વિઝીટ કરો :
web : www.theeconomicrevolution.com
www.theeconomicrevolution.in
email : theeconomicrevolution@yahoo.co.in
(M) 9825065387 contact : Narendra Joshi

Nirmal Metro Daily, Ahmedabad (Gujarat)

અમદાવાદથી પ્રકાશિત થતું, પ્રજાના પ્રાણ પ્રશ્નોને વાચા આપતું , અન્યાય સામે અવાજ ઉઠાવતું ક્રાન્તિકારી નિડર ગુજરાતી દૈનિક

Reg. under RNI NO. GUJGUJ/2012/48123

નિર્મલ મેટ્રો, લગભગ એક કરોડ ઈ મેઈલમાં મોકલવામાં આવે છે

પાનાં ૪, કિંમત રૂ. ૧.૦૦

# નિર્મલ મેટ્રો

# NIRMAL METRO

દૈનિક

તંત્રી : નરેન્દ્ર જોષી
email : nirmalmetro@yahoo.com

● વર્ષ : ૧ ● અંક : ૧૦૫ ● તા.૩૦.૦૪.૨૦૧૩, મંગળવાર ● ચૈત્ર વદ ૦૫ ● સં. ૨૦૬૯ ● સહતંત્રી : દેવલક્ષ્મી જોષી ● કાર્યાલય : એચ ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, ટેલિફોન એક્સચેન્જ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૬૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મોબાઈલ : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

# મરણપથારીએ પડેલા સરબજિતને વિદેશમાં સારવાર માટે મોકલવાનો પાકિસ્તાનનો ઈન્કાર

## મૃત્યુદંડનાં બે આરોપીઓએ તેને મારી નાંખવાનાં ઈરાદાસર જ હુમલો કર્યાની વાત કબુલ કરી :પાકિસ્તાન સરબજિતની દેશમાં જ સારવાર કરવા માટે મક્કમ

**લાહોર, તા. ૨૯**

હાલમાં જ પાકિસ્તાનની કોટલખપત જેલમાં ભારતીય કેદી સરબજિત સિંહ પર હુમલો થયો હતો અને તેની સઘન સારવાર છતાં તેની સ્થિતિમાં સુધારો નહી થતા તેને સારવાર માટે વિદેશ મોકલવાનો પાકિસ્તાને સાફ ઈન્કાર કરી દીધો છે અને તેની સારવાર પાકિસ્તાનમાં જ કરવાનો નિર્ણય લેવાયો હતો.જેનાથી પાકિસ્તાનમાં તેને મળવા માટે પહોચેલા પરિવાર સહિત દેશમાં તેના સાઝા થઈ જવા માટે દુઆઓ અને પ્રાર્થના કરનાઓમાં આઘાતની લાગણી વ્યાપી જવા પામી છે.

રવિવારે જ પાકિસ્તાનનાં તબીબોએ તો જણાવી દીધું હતું કે તેની સઘન સારવાર છતાં તેની સ્થિતિમાં કોઈ સુધારો થતો નથી ત્યારે તેને દવાની સાથોસાથે દુઆની પણ જરૂરિયાત છે ત્યારે પાકિસ્તાન ઓથોરિટીએ સરબજતિને જેમ મલાલાને સારવાર માટે વિદેશ મોકલવામાં આવી હતી તેજ રીતે સરબજિતને પણ વિદેશમાં સારવાર માટે મોકલવો જોઈએ કે નહી તેના પર નિર્ણય કરવા માટે એક સમિતિની રચના કરાઈ હતી જેમાં નિર્ણય કરાયો હતો કે ગમે તે થઈ જાય પણ સરબજિતને વિદેશમાં સારવાર માટે મોકલવામાં આવશે નહી. તેની પાકિસ્તાનમાં જ પુરતી સારવાર કરાશે.

તબીબોએ હાથ અધ્ધર કરી દેતા



જણાવ્યું હતું કે તેના માથામાં થયેલી જીવલેણ ઈજાઓ બાદ તે બેભાન જ છે ત્યારે આ સ્થિતિમાં દુતાવાસનાં ભારતીય અધિકારીઓ તેની ખબર અંતર લેવા માટે હોસ્પિટલ ગયા ત્યારે તેમને અંદર જવા દેવામાં આવ્યા ન હતા જ્યારે તેના પરિવારને પણ માત્ર બારીમાંજ તેને જોવાની પરવાનગી આપવામાં આવી હતી.

સરબજિત પર શુક્રવારે હુમલો થયો હતો અને ત્યારબાદ તેને સારવાર માટે જિન્નાહ હોસ્પિટલમાં ખસેડાયો હતો જ્યાં તેને કોઈની પણ મુલાકાત કરવા દેવામાં આવી નથી.

ત્યારે પાકિસ્તાનની જેલનાં બે કેદીઓએ સરબજિત પર મારી નાંખવાનું કાવતરૂ ઘડીને હુમલો કર્યો હોવાની કબુલાત કરતા ખળભળાટ મચી જવા પામ્યો છે.મુખ્ય આરોપીએ તપાસકારોને જણાવ્યું હતું કે તેમણે આ કેદીને મારી નાંખવા માટે જ હુમલો કર્યો હતો.મૃત્યુદંડનાં આરોપી અમીર આફતાબ અને મુદસ્સરે જણાવ્યું હતું કે અમે સરબજિતને ધિક્કારતા હતા કારણકે તેણે ૧૯૯૦માં લાહોરમાં ધડાકાઓ કરીને પાકિસ્તાની નાગરિકોને મારવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે સરબજિતને મોતને ઘાટ ઉતારવા માટે ટીનનાં ડબ્બામાંથી ધારદાર બ્લેડ બનાવી હતી અને ઈંટ પણ એકઠી કરી હતી.તેઓ તેના પર હુમલાની તક શોધતા હતાઅને તેમને તક મળતા જ તેને અમલમાં મુકી હતી.

# ભારતનો પાકિસ્તાનને અનુરોધ : સરબજીતને મુક્ત કરો

## વિદેશ મંત્રાલયે કરૂણા અને માનવતાના આધારે ભારત મોકલવાની માંગ કરી : લાહોર હાઈકોર્ટમાં સરબજીતને વધુ સારવાર માટે લંડન મોકલવા અરજી કરાઈ

**નવી દિલ્હી, તા. ૨૯**

પાકિસ્તાનમાં આતંકવાદી હુમલાના આરોપમાં ફાંસીની સજા પામનારા કેદી સરબજીત સિંહને ભારતે આજે 'દયા અને માનવતા'ના આધારે મુક્ત કરવાનો અનુરોધ કર્યો હતો. લાહોરની કોટ લકફત જેલમાં કેદીઓના જીવલેણ હુમલામાં ઘાયલ સરબજીત ત્યાંની એક હોસ્પિટલમાં જીવન માટે સંઘર્ષ કરી રહ્યો છે.

વિદેશ મંત્રાલયે કહ્યું કે અહીં ઉપલબ્ધ બહેતર સુવિધા પુરી પાડવાને ધ્યાનમાં રાખતા સરબજીત સિંહનો ભારત મોકલવાની સંભાવના પર વિચાર કરી શકાય તેમ છે.

એક નિવેદનમાં મંત્રાલયે કહ્યું કે તાજેતરમાં જ કેટલીક ઘટનાઓ અને વર્તમાન પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખતા અમે ફરી એકવાર પાકિસ્તાનની સરકારને આગ્રહ કરીએ છીએ કે આ મામલે સહાનુભૂતિ અને માનવીય આધારને ધ્યાનમાં રાખતા સરબજીત સિંહને મુક્ત કરી દે.

નિવેદન અનુસાર ભારતીય ઉચ્ચાયોગના અધિકારી લાહોરની જિન્ના હોસ્પિટલના તબીબોના સતત સંપર્કમાં છે અને અમે સરબજીત સિંહને ભ ારત મોકલવાના વિકલ્પ પર વિચાર કરવા માગીશું જેથી કરીને તેને અત્રે ઉપલબ્ધ ચિકિત્સા સુવિધા પૂરી પાડી શકાય.

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે સરબજીત સિંહની સારવાર કરી રહેલા તબીબો દ્વારા જારી મેડિકલ બુલેટિન અનુસાર એ સ્પષ્ટ છે કે તેની હાલત ચિંતાજનક છે. અમે તેના પરિવારની નારાજગી અને ચિંતા સાથે સહમત છીં અને અમારી પ્રાર્થના એ લોકો સાથે છે.

બીજીતરફ લાહોરની એક અદાલતમાં અરજી દાખલ કરીને સરબજીતને વધુ ઉપચાર માટે લંડન મોકલવાનો આગ્રહ પણ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

લાહોરની કોટ લખપત જેલમાં ૨૬ એપ્રિલે કેદીઓએ સરબજીત સિંહ પર ઈંટ અને અન્ય તીક્ષ્ણ વસ્તુઓથી હુમલો કર્યો. લાહોરની જિન્ના હોસ્પિટલમાં દાખલ સરબજીત સિંહ હજી સુધી કોમામાં છે.

આ ઘટના બાદ પાકિસ્તાન સરકાર દ્વારા જારી વિશેષ વીઝા પર સરબજીતના પરિવાર ચાર સભ્યો પાકિસ્તાન ગયા છે.



વટવામાં વિકલાંગ સહાય કેન્દ્ર દ્વારા પ્રથમ વાર વીકલાંગ (હેન્ડીકેપ) સમૂલ લગ્ન મહોત્વવ યોજાયો હતો. આ સમૂહ લગ્નમાં ૩ મુસ્લીમ અને ૭ હિન્દુ યુવક યુવતીઓ લગ્ન ગ્રંથીથી જોડાયા હતા. આ નવ વધુઓને આશિર્વાદ આપવા અમદાવાદના મેયર શ્રી આશિત વોરા અને મુસ્લીમ બીઝનેસ મેને આશિર્વાદ આપ્યા હતા. ફોટો હબીબખાન અશરફી

# સર્વિસ ટેક્સના વિરોધમાં રાજ્ય સહિત સમગ્ર દેશમાં હોટલ-રેસ્ટોરન્ટની સજ્જડ હડતાલ

## મોટા શહેરોમાં ખાવા-પીવાના શોખીન લોકોને મુશ્કેલી પડી : હોટલ ઉદ્યોગ બંધ રહેતા ગુજરાતમાં ૧૦થી ૧૫ કરોડનું નુકસાન : હોટલ માલિકો દ્વારા ઠેર-ઠેર વિરોધ પ્રદર્શન, દેખાવો, આવેદનપત્રો અપાયા

**અમદાવાદ, તા. ૨૯**

સર્વિસ ટેક્સના વિરોધમાં આજે ગુજરાત સહિત દેશભરની હોટલોએ હડતાળ પાડી હતી. દરમ્યાન અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ શહેરની તમામ નાની-મોટી હોટેલો આજે બંધ રહી હતી.

૪.૯૫ ટકાના સર્વિસ ટેક્સને લઈને આજે દેશવ્યાપી હોટલ-રેસ્ટોરન્ટ બંધના એલાન સંદર્ભે સજ્જડ બંધ રહ્યા હતાં અને સર્વિસ ટેક્સનો જોરદાર વિરોધ કર્યો હતો. આ હડતાળને કારણે હોટલ-ઉદ્યોગને કરોડો રૂપિયાનું નુકસાન થયાનો અંદાજ છે.

અત્રે એ નોંધનીય છે કે બજેટમાં સર્વિસ ટેક્સની જાહેરાત કરવામાં આવી હતી. હોટલ માલિકો પહેલેથી જ ૧૫ ટકા વેટની ચૂકવણી કરી રહ્યાં છે. ઉપરાંત નવા ટેક્સથી ટેક્સ બે ગણો થઈ ગયો છે. સર્વિસ ટેક્સ પહેલાથી બેંકવેટ હોલ અને એસી રેસ્ટોરન્ટો ઉપર લાગુ કરવામાં આવ્યો હતો. એસી અથવા તો આંશિક રીતે એસી રેસ્ટોરન્ટ ઉપર નવા નિયમો અને ટેક્સ લાગુ થવાથી બિઝનેસને માઠી અસર થઈ છે. આ હડતાળથી ઉદ્યોગને ૧૦થી ૧૫ કરોડનું નુકસાન થયું હોવાનો અંદાજ છે.

આજે હોટલ અને રેસ્ટોરન્ટ બંધ રહેતા ખાવા-પીવાના શોખીન લોકોને મુશ્કેલીઓ પડી હતી. ગુજરાત રાજ્ય હોટલ ફેડરેશન દ્વારા આપવામાં આવેલા બંધના એલાન સંદર્ભે અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર, ભાવનગર સહિત તમામ મોટા શહેરોમાં આજે હોટેલો સજ્જડ બંધ રહી હતી. હોટેલ માલિકોનું કહેવું છે કે એસી રેસ્ટોરન્ટમાં પીરસાતા ભાજોન, વાનગીઓ પર સર્વિસ ટેક્સ લાદવામાં આવતા માઠી અસર થઈ છે. રેસ્ટોરન્ટ અને હોટલમાંથી ફૂડ પાર્સલ લઈ જનારાઓને પણ ૯.૯૪ ટકાનો સર્વિસ ટેક્સ ચૂકવવો પડે છે જેને કારણે હોટલ રેસ્ટોરન્ટોનું જમવાનું મોંઘુ થઈ જતાં બોજો ગ્રાહકો ઉપર લાદવાની ફરજ પડી છે અને તે કારણે ધંધાને પણ અસર પડી રહી છે.

સર્વિસ ટેક્સ સામે હોટલના સંચાલકોએ આજે વડાપ્રધાન, નાણામંત્રી સહિત સત્તાધીશોને આવેદનપત્ર પણ આપ્યા હતાં. આજે ઠેર-ઠેર દેખાવો, ધરણા અને આવેદનપત્રો આપવાના કાર્યક્રમો પણ યોજાયા હતાં.હાલમાં જ લાગુ પાડવામાં આવેલ સર્વિસ ટેક્ષના




વિરોધમાં હોટલ એસોસીએશનના અગ્રણીઓના જણાવ્યા અનુસાર આ ટેક્ષનો બોજો અસહ્ય છે. અને આખરે તો તે ગ્રાહકો પર જ આવશે જેને કારણે ના છુટકે ભાવમાં વધારો કરવો પડે. અને જેની સીધી અસર ગ્રાહકો પર જ થશે અને તેને કારણે રોજની ઘરાકી પણ ઓછી થશે. એરકન્ડીશન્ડ હોટલ રેસ્ટોરન્ટમાં ૪.૯૫ ટકાના સર્વિસ

**અનુસંધાન પાન ૩ પર**

# પાકિસ્તાનમાં ઓનરકિલિંગમાં હિન્દુઓ અને ખ્રિસ્તીઓ પણ સામેલ

## ઓનર કિલિંગ માટે હત્યાના શિકાર થનારાઓમાં સાત ખ્રિસ્તીઅને બે હિન્દુ મહિલાઓ પણ સામેલ

**ઈસ્લામાબાદ, તા. ૨૯**

પાકિસ્તાનમાં છેલ્લા એક વર્ષની મુદ્દતમાં ઓનર કિલિંગનાં નામે ૯૦૦થી વધુ મહિલાઓની હત્યા કરવામાં આવી છે જયારે લગભગ૪,૫૦૦ મહિલાઓ ઘરેલુ હિંસાનો શિકાર બનેલ છે.આ ઓનરકિલિંગમાં એક વિચિત્ર તથ્ય એ છે કે મુસ્લિમો ઉપરાંત અહી લઘુમતિ મનાતા હિન્દુઓ અને ખ્રિસ્તીઓ પણ ઓનર કિલિંગમાં સામેલ હોવાનું પ્રકાશમાં આવ્યું છે.પાકિસ્તાનના માનવાધિકાર પંચે જારી પોતાના રિપોર્ટમાં કહ્યુંછે કે ઓછામાં ઓછી ૯૪૩ મહિલાઓની હત્યા ઓનર કિલિંગના નામ પર કરવામાં આવી છે જેમાં ૯૩ સગીર વયની હતી.તેણેપોતાના સ્ટેટ ઓફ હ્યુમન રાઈટ્સ ઈન ૨૦૧૧ રિપોર્ટમાં કહ્યું છે કે હત્યારાઓના અનુસાર ઓનર કિલિંગ માટે હત્યાના ૫૯૫ મામલાનું કારણ ગેરકાયદે સંબંધ છે જયારે ૨૧૯ મામલામાં મહિલાઓએપોતાની પસંદના યુવકો સાથે લગ્ન કરવાની માંગ કરી હતી.ઓનર કિલિંગ માટે હત્યાના શિકાર થનારાઓમાં સાત ખ્રિસ્તીઅને બે હિન્દુ મહિલાઓ પણ સામેલ છે. રિપોર્ટ અનુસાર ૧૮૦ મામલામાં હત્યારાઓ પીડિતાના ભાઈ હતી જયારે ૨૨૬ મામલામાંપતિઓએ હત્યા કરી.તેમના જણાવ્યા અનુસાર મૃત્યુપામનારાઓમાં સૌથી વધુ સંખ્યા ૫૫૭ વિવાહીત મહિલાઓનીરહી હત્યા કરતા પહેલા ઓછામાં ઓછી ૧૯ મહિલાઓ સાથે બળાત્કાર કરવામાં આવ્યો અને ૧૨ની સાથે સામૂહિક બળાત્કાર કરવામાં આવ્યો.જયારે ૩૮ મહિલાઓ પર તેજાબથી હુમલો કરાયો જયારે ૪૭ને આગમાં સળગાવી દેવાઈ.આ આંકડા પાક.માં મહિલાઓવિરૂધ્ધ થઈ રહેલી હિંસા દર્શાવે છે.

# ડીઝલનાં ભાવમાં લીટરે ત્રણ રૂપિયાનો ઘટાડો થવાની શક્યતા

## પેટ્રોલનાં ભાવમાં લીટર દીઠ અઢી રૂપિયા અને એસ્સારનાં આઉટલેટમાં ડીઝલનો ભાવ પ્રતિ લિટર ત્રણ રૂપિયા ઘટવાની શક્યતા

**નવી દિલ્હી, તા. ૨૯**

ક્રુડનાં ભાવોમાં ઘટાડાને પગલે તેનો લાભ લોકોને મળવાની શક્યતા છે.હાલમાં થોડા સમયથી દેશમાં પેટ્રોલ અને ડીઝલનાં ભાવોમા ઘટાડાનું ચલણ જોવા મળી રહ્યું છે ત્યારે આગામી સમયમાં તે ટ્રેન્ડ ચાલતો રહેવાની પ્રબળ શક્યતા છે અને એસ્સાર ઓઈલ ડીઝલનાં ભાવમાં પ્રતિલિટર ત્રણ રૂપિયા જેટલો ઘટાડો કરે તેવી શક્યતા છે.જાહેર અને ખાનગી ઓઈલ માર્કેટિંગ કંપનીઓ બળતણનાં ભાવમાં ઘટાડો કરવાની વિચારણા કરી રહી છે.

સરકાર સંચાલિત ઓઈલ કંપનીઓ પેટ્રોલનાં ભાવમાં લીટર દીઠ અઢી રૂપિયા અને એસ્સારનાં આઉટલેટમાં ડીઝલનો ભાવ પ્રતિ લિટર ત્રણ રૂપિયા ઘટી શકે છે.અત્યારે તેના રીટેલ આઉટલેટ પર અન્ય કંપનીઓની તુલનાએ છ રૂપિયા વધારે વસુલ કરાય છે.

આ અંગે વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે જો આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રુડનાં ભાવોમાં જો સતત ઘટાડો થતો રહેશે તો પેટ્રોલ અને ડીઝલનાં ભાવમાં પણ સતત ઘટાડો ચાલુ રહેશે.મે મહિના દરમિયાન પેટ્રોલનાં ભાવમા હાલ કરતા વધારે ઘટાડો થવાની શક્યતા છે.

મે માસમાં પેટ્રોલનાં ભાવોમાં જો ઘટાડો થાય તો તેની અસર અન્ય ક્ષેત્રો પર પણ પડવાની શક્યતા છે કારણકે આર્થિક મોરચે કેટલીક સમસ્યાઓનું મુળ પેટ્રોલ અને ડીઝલનાં ભાવોમાં સતત થઈ રહેલો વધારો પણ છે.

બીજી તરફ હાલમાં આંતરરાષ્ટ્રીય સ્તરે ડોલરની સામે રૂપિયો મજબુત થઈ રહ્યો છે.જેના કારણે માર્ચ મહિનાથી જપેટ્રોલના ભાવોમાં ઘટાડો થઈ રહ્યો છે.

સામાન્ય રીતે મોટાભાગની કંપનીઓ પંદરમી તારીખે પોતાના ભાવોની સમીક્ષા કરે છે બીજી તરફ ક્રુડનાં ભાવોમાં સતત ઘટાડો છતા ઓઈલ કંપનીઓ ડીઝલનાં ભાવો કડક રાખી રહી છે અને તેમાં તેમને ચાર રૂપિયાની ખોટ જતી હોવાનું જણાવે છે.

એ જ રીતે જાહેર વિતરણની દુકાનો પર જતા કેરોસિનમાં પણ ખોટ જતી હોવાની તેમની દલીલ છે.જો કે તેમ છતા આગામી સમયમાં પેટ્રોલ અને ડીઝલનાં ભાવોમાં ઘટાડો મોંઘવારીની મારથી પીડાતી જનતા માટે રાહત રૂપ પુરવાર થવાની શક્યતા છે.

# ભાજપના ભ્રષ્ટાચારને કારણે કર્ણાટકનો વિકાસ રૂંધાયો : મનમોહન

## પાંચમી મેના રોજ યોજાનારી ચૂંટણીના પ્રચારમાં વડાપ્રધાન જોડાયા : રાજ્ય સરકાર કેન્દ્ર દ્વારા અપાતી ગ્રાન્ટનો યોગ્ય ઉપયોગ કરતો નથી

**હુબલી, તા. ૨૯**

કર્ણાટકમાં આગામી પાંચમી મેના રોજ યોજાનારી વિધાનસભાની ચૂંટણીના પ્રચાર દરમ્યાન વડાપ્રધાન ડો.મનમોહન સિંહે ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતાં. વડાપ્રધાને જણાવ્યું હતું કે, ભાજપના કુશાસન અને ભ્રષ્ટાચારને કારણે રાજ્યનો વિકાસ અટકી ગયો છે અને લઘુમતીઓમાં અસુરક્ષાની ભાવના પ્રવર્તે છે.

વડાપ્રધાને કર્ણાટકની ભાજપ સરકાર ભ્રષ્ટાચારમાં ગળાડૂબ હોવાનો આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે, છેલ્લા પાંચ વર્ષમાં ભાજપે ત્રણ મુખ્યપ્રધાન બદલ્યા છે અને તેના કેટલાક નેતાઓની ભ્રષ્ટાચારમાં સંડોવણી બદલ તપાસના આદેશ અપાયા છે.

કર્ણાટકમાં ભાજપના પ્રભુત્વ ધરાવતા વિસ્તારમાં ચૂંટણી પ્રચાર કરતાં વડાપ્રધાને જણાવ્યું કે કુશાસન, ઢંગધડા વગરના વિકાસના કાર્યો અને ભ્રષ્ટાચારને કારણે રાજ્યના વિકાસમાં મોટો અવરોધ સર્જાયો છે. વડાપ્રધાને જણાવ્યું કે, રાજ્ય સરકાર કૃષિના વિકાસ અને રોજગારીના સર્જન માટે ધ્યાન આપી રહી નથી. તેમણે જણાવ્યું કે, સિંચાઈના અસંખ્ય કામો હજુ સુધી અધૂરા છે અને કેટલીક સિંચાઈ યોજનાઓ હેઠળ હાથ ધરાયેલા કામો સંતોષકારક રીતે પૂર્ણ કરાયા નથી.

તેમણે જણાવ્યું હતું કે, રાયચુર, બેલ્લારી, ગુલબર્ગા અને બિદાર જેવા લઘુમતી વિસ્તારના અયોગ્ય વિકાસને



કારણે હું ખૂબ જ દુઃખી છું. રાજ્યમાં કોમી સંવાદિતતા ખૂબ જ ઓછી છે અને લઘુમતીઓમાં વ્યાપક પ્રમાણમાં અસલમાતનીની ભાવના પ્રવર્તે છે.જુદી જુદી યોજનાઓ હેઠળ સરકાર દ્વારા ફાળવવામાં આવતી ગ્રાન્ટના અપૂરતો ઉપયોગ સામે નારાજગી વ્યક્ત કરતાં વડાપ્રધાને જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર નિર્ધારિત લક્ષ્યાંકો પૂર્ણ કરવામાં નિષ્ફળ પુરવાર થઈ છે. વડાપ્રધાને લોકોને આશ્વાસન આપતા જણાવ્યું હતું કે જો કોંગ્રેસ સરકાર રાજ્યમાં સત્તા પર આવશે તો કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામાં આવતી ગ્રાન્ટનો મહત્તમ ઉપયોગ કરશે.

# અમદાવાદમાં એશિયાની સૌથી મોટી ચેસ કલબ

## અમદાવાદમાં તીર્થ ક્લબનો આરંભ

**અમદાવાદ તા. ૨૯**

અમદાવાદનાં સુભાષબ્રીજ વિસ્તારમાં એશિયાની સૌથી મોટી ચેસ ક્લબની સ્થાપના કરાઈ છે આ તીર્થ ચેસ ક્લબમાં એક સાથે ચારસો ખેલાડીઓ ચેસ રમી શકે છે.

આ કલબને કારણે અમદાવાદનાં ચેસ રસિકો અને ખેલાડીઓને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ચેમ્પિયનશીપમાં ભાગ લેવાની તક ઘરઆંગણે મળી રહેશે.

અમદાવાદમાં તીર્થ ક્લબનો આરંભ કરાયો છે.તીર્થ ચેસ ક્લબ એ એશિયાની એકમાત્ર એવી પ્રાઈવેટ ક્લબ છે જેમાં આ ક્લબનાં સભ્ય બનનારને એસી હોલ, લાયબ્રેરી, કોમ્પ્યુટર ટ્રેનિગ, મોર્ડન એસી ક્લાસ રૂમ તેમજ એનાલિસિસ અને પ્લેયિંગ એરિયાની ફેસિલિટી મળી રહેશે.

ક્લબનાં ઉદ્ઘાટન સમયે ચેસ રસિકોઅને ચેસ ચેમ્પિનશીપ જીતી ચુકેલા ખેલાડીઓ હાજર રહ્યાં હતા.જેમણે આ ક્લબની સુવિધાઓની ભારે પ્રશંસા કરી હતી.આ ચેસ ક્લબ ખુલતા હવે અમદાવાદ ખાતે ચેસ ચેમ્પિનશીપનું આયોજન થઈ શકશે.

# લદ્દાખમાં ભારત ચીન યુદ્ધનાં ભયે ગામડા ખાલી

## દમચોકનાં અમુક વિસ્તારમાં ચીની સૈન્ય દ્વારા૧૯૬૨થી જ કબજો

**નવી દિલ્હી, તા. ૨૯**

લદાખ સેકટરમાં નીચે કોઈ ઘૂસણખોરી નથી કરી તેમ કેન્દ્ર સરકાર તથા ભારતીય લશ્કર કહીરહ્યા છે. સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ લદાખ સેકટરની સરહદ પર બંને સૈન્ય વચ્ચે ઝપાઝપી ચાલુ છે પરિણામે સરહદને લગતા ગામડાઓ ભયને કારણે ખાલી થઈગયા છે.લદાખ સ્વાયત પર્વતીય વિકાસ પરિષદના અધિકારીએ વાતની પુષ્ટિ કરતા જણાવ્યું હતું કેદમચોકના કેટલાય ગામડા ચીનીઓનાં ભયને કારણે ગયા વર્ષથી જ ખાલી થઈ ગયા છે.ગામવાસીઓને ચીની સૈનિકોવારંવાર તંગ કર્યા કરતા હતા તેઓએ કેટલીય વાર નજીકની સૈન્યચોકી તથા આઈટીબીપી શિબિરમાં ફરિયાદ કરી હતી પરંતુ મદદ ન મળતા તેઓએ પોતાના ઘર છોડી દેવા પડયા. દોર્જેએ જણાવ્યું કે દમચોક સ્થિત પ્રત્યેક ગામડાઓમાં ચારથી છ પરિવાર જ રહે છે તથાગામડાઓ એકબીજાથી ઘણા અંતરે આવેલા હોય છે. તેનો ફાયદો ઉઠાવી ચીની સૈનિકો તેઓને મારપીટ કરે છે. અગાઉ પણ ચીની સૈનિકો દમચોકમાં આવું કૃત્ય આચર્યુ હતું. પાછલા દિવસોમાં તો હદ પાર કરી દીધી હતી દમચોક અનેચાંગથાંગ વિસ્તારમાં ઘૂસીને પત્થરોપર લાલ રંગથી ચાઈના લખીનેભાગી ગયા હતા. દૌલત બેગઓલ્ડીમા પહેલી વાર તેમણે મોટાપ્રમાણમાં ઘૂસણખોરી કરી છે.દમચોકનો અમુક વિસ્તારચીની સૈન્યે ૧૯૬૨માં જ કાબુમેળવી લીધો હતો ત્યારથી તે લોકોઅહી પોતાનું અસ્તિત્વ જમાવીનેબેસી ગયા છે. ચૂશૂલ વિસ્તારમાં પણકબજો જમાવ્યો હતો પરંતુ ભારતીયસેના મેજર શેતાનસિંહે

બહાદુરીપૂર્વક ચીની સૌન્યનો સામનોકરી શહીદ થઈ જતાં પહેલા મોટાપ્રમાણમાં આ વિસ્તારને ચીનીસૈન્યના કબ્જામાં જતો અટકાવીદીધો હતો.

નિર્મલ મેટ્રો

## તંત્રીની કલમે....

# રાષ્ટ્રીય હિત અને રાજકારણ

શાસનમાં બદલાવ કઈ રીતે રાષ્ટ્રીય પ્રાથમિકતાઓમાં ફેરબદલનું કારણ બને છે તેની વધુ એક માહિતી છે સુપ્રિમ કોર્ટ તરફથી કેન્દ્ર સરકારને આપવામાં આવેલ એ નિર્દેશ કે તે નદીઓને જોડવાની પરિયોજનાને સમયબદ્ધ રીતે લાગુ કરે. સુપ્રિમ કોર્ટે આ પરિયોજનાને રાષ્ટ્રહિતમાં ગણાવ્યા બાદ કેન્દ્ર સરકારે એ બાબતે સ્પષ્ટીકરણ આપવું જોઈએ કે આ યોજનાની ફાઈલ અત્યાર સુધી દબાવી કેમ રખાઈ? તેણે આ પરિયોજના એટલા માટે દબાવી રાખી કારણ કે, આ યોજનાને વિરોધી પક્ષની સરકાર અર્થાત્ એનડીએ દ્વારા શરૂ કરવાની પહેલ કરાઈ હતી, આ બાબત દુર્ભાગ્યપૂર્ણ છે. એવું લાગે છે કે, સત્તામાં બેઠેલા લોકો રાષ્ટ્રહિતથી વધુ મહત્વ પક્ષના હિતને આપે છે. જો એવું ન હોત તો સરકારમાંથી કોઈએ જણાવવું જોઈએ કે ૨૦૦૪માં આ પરિયોજના પર વિરામ કેમ મૂકાઈ ગયો? શું કેન્દ્ર સરકારને એ અહેસાસ થશે કે સંકુચિત રાજકારણના ચક્કરમાં તેણે આઠ વર્ષ બરબાદ કરી દીધાં? જો યુપીએ સરકારે નદી જોડો પરિયોજનાની ઉપેક્ષા ન કરી હોત તો આઠ વર્ષોમાં આ પરિયોજનાનો એક મોટો હિસ્સો પૂરો કરી દેવાયો હોત. હવે નવેસરથી શરૂઆત કરવી પડશે.

કોઈ પણ સમજી શકે કે મોંઘવારીના દર પ્રમાણે આ વધારો અબજો રૂપિયાનો હશે. નદી જોડો પરિયોજનાને આગળ વધારવા સંબંધી સુપ્રિમ કોર્ટનો નિર્દેશ એક રીતે કેન્દ્ર સરકારના કામકાજ અને સાથે જ વલણ પર પ્રતિકૂળ ટિપ્પણી છે. એવું એટલા માટે આસાનીથી કહી શકાય છે કારણ કે, સર્વોચ્ચ અદાલતે આ પરિયોજનાના ક્રિયાન્વયન માટે એક ઉચ્ચાધિકાર પ્રાપ્ત સમિતિની રચના પણ કરી દીધી છે. એ નિરાશાજનક છે કે, સુપ્રિમ કોર્ટે એ કામ કરવું પડી રહ્યું છે, જે મૂળે કેન્દ્રિય સત્તાએ કરવું જોઈએ. મુશ્કેલી એ છે કે, આ પ્રથમ એવો મામલો નથી જેમાં ન્યાયપાલિકાએ કાર્યપાલિકાને તેના અધિકાર અને કર્તવ્યની યાદ દેવડાવી હોય. આ પહેલાં પણ અનેક અન્ય મામલે ન્યાયપાલિકાએ કાર્યપાલિકાના કાર્યક્ષેત્રમાં દખલ કરવી પડી છે. વાત ચાહે કાળા નાણાંના સ્રોતની તપાસ હોય અને તેને પાછા લાવવાની હોય અથવા જાહેર વિતરણ પ્રણાલીને દુરસ્ત કરવાની-બંને મામલા એવા હતા જેમાં ન્યાયપાલિકાના હસ્તક્ષેપની ક્યાંય કોઈ જરૂરિયાત ન્હોતી પરંતુ તેણે મજબૂરીમાં આવું કરવું પડ્યું. જો સત્તાના શીર્ષ પર બેઠેલા લોકો રાષ્ટ્રહિતના સવાલો પર સંકુચિત રાજકારણ અને સાથે જ કમજોર ઈચ્છાશક્તિ દર્શાવતા હોય તો તેઓ કર્તવ્યપાલનમાં પણ ઢીલા જ સાબિત થવાના છે. જો કે, નદી જોડવાની પરિયોજનાને બેરોકટોક આગળ વધારવા માટે સુપ્રિમ કોર્ટે જે ઉચ્ચાધિકાર પ્રાપ્ત સમિતિ રચી છે તેમાં જળ સંસાધન, વન અને પર્યાવરણ, નાણાં મંત્રાલયની સાથે સાથે યોજના પંચના સભ્યોને પણ સામેલ કરવામાં આવ્યા છે પરંતુ આ બધા છતાંય એ વાતે નિશ્ચિત ન થઈ શકાય. આ પરિયોજના હવે ઝડપથી આગળ વધશે. એવું ત્યારે જ થઈ શકશે જ્યારે કેન્દ્ર સરકાર અને સાથે જ રાજ્ય સરકારો આ પરિયોજનાને અમલમાં મૂકવા માટે વાસ્તવમાં પ્રતિબદ્ધ દેખાશે.આમેય સંકુચિત રાજકારણ આપણાં દેશની વિશેષતા છે ભલે આપણે સૌથી મોટા લોકતાંત્રિક રાષ્ટ્ર હોવાનો ઠપ્પો ધરાવતા હોઈએ પણ આપણે આપણા રાજકારણનું સ્તર વધારવાની જરૂરિયાત છે કારણકે પક્ષીય રાજકારણની સામે દેશહિત કે પ્રજાહિતનું બલિદાન આપવામાં એક પણ સરકાર પાછીપાની કરતી નથી ત્યારે નદીજોડણનો મુદ્દો પણ તે જ બાબત દર્શાવે છે કે આપણી રાજનીતિ કેટલી સંકુચિત છે.

# સરબજિતસિંહ : પાકિસ્તાનની હલકટાઈનો વધુ એક નમુનો

પાકિસ્તાન અને ભારત વચ્ચે સરહદ કાયમ છે પણ સરહદી વિસ્તારોમાં ઘણાં એવા સ્થળો છે જ્યાંથી લોકો ક્યારેક પેલે પારથી આ પાર ચાલ્યા આવે છે તો ક્યારેક આ પારથી પેલે પાર જવાની પણ ઘટના બનતી હોય છે. વાઘા બોર્ડર પર અનેક ગામડાઓ એવા છે જે સરહદથી ઘણાં નજીક છે ભીખીવીંડ ગામ એવું જ છે જ્યાનો રહેવાસી સરબજિત સિંહ રાત્રે પોતાનાં ખેતરમાં કામ માટે ગયો અને ત્યાં દારૂ પીધા બાદ તે નશામાં સરહદ પાર કરી ગયો હતો.જ્યાં તે પાકિસ્તાની સૈનિકોને મળ્યો ત્યારે તે નશામાં ધુત હતો અને પોલીસે તેને પકડીને ત્યાં થયેલા બોમ્બ વિસ્ફોટનાં આરોપી તરીકે ફીટ કરી દીધો.પાકિસ્તાનની સરકારને અનેક વખત કહેવાયું છે કે આ ખોટી ઓળખનો કેસ છે પણ તે માનવા જ તૈયાર નથી અને સરબજિતને ફાંસીની સજા કરાઇ છે જેમાં તેણે રાષ્ટ્રપતિ પાસે દયાની અરજી કરી છે જે હાલમાં પેન્ડિગ પડી છે તેનો કોિ નિકાલ આવે તે પહેલા કોટ લખપત જેલમાં તેના પર હુમલો થયો અને હાલ તે જીવન મરણ વચ્ચે ઝોલા ખાઇ રહ્યો છે.

સરબજિત કોટ લખપત જેલમાં૧૯૯૦થી છે તેના પર આ વર્ષે જ લાહોર અને ફૈસલાબાદ ખાતે થયેલા શ્રેણીબદ્ધ વિસ્ફોટોમાં સામેલ હોવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો આ હુમલામાં ૧૪ વ્યક્તિઓના મોત થયા હતા.જો કે સરબજિતે અનેક વખત તે કહ્યું હતુંકે તે એ સામાન્ય ખેડુત છે પણ પાકિસ્તાન તે માનવા તૈયાર નથી. આ શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટોનાં ત્રણ મહિના બાદ તેને પકડવામાં આવ્યો હતો.તેને ૧૯૯૧માં જ ફાંસીની સજા થઇ હતી.પણ તેની ફાંસીની સજાનો અમલ અનેક વખત મોકુફ રખાયો છે તેણે પાંચ વખત દયાની અરજી કરી હતી.તેણે બાવીસ વર્ષ જેલમાં વિતાવ્યા છે અને ૨૬ જુન ૨૦૧૨માં એવી ખબર ઉડી હતી કે તેની ફાંસીની સજા રદ કરાઇ છે પણ થોડા સમયમાં જ પાકિસ્તાને સરબજિત નહી પણ સુરજિતસિંહની સજા માફ કરાયાની જાહેરાત કરી હતી.

ભારતના પંજાબનાં તરતતારન જિલ્લાનાં ભીખીવીંડ ગામનો રહેવાસી સરબજિતે સુખપ્રીત કૌર સાથે લગ્ન કર્યા હતા અને તેને બે પુત્રીઓ સ્વપ્નદીપ અને પુનમ કૌર છે. તેની બહેન દલબીર તેની મુક્તિ માટે પ્રયાસો કરી રહી છે.૨૮ ઓગસ્ટ ૧૯૯૦ની રાત્રે પાકિસ્તાની બોર્ડર ગાર્ડે નશાની હાલતમાં સરબજિતની ધરપકડ કરી હતી.તેની પત્નીએ દાવો કર્યો હતો કે તે રાત્રે ખેતરમાં કામ પર ગયા ત્યારબાદ પાછા ફર્યા ન હતા અને ઘરવાળાએ લગભગ નવ મહિના સુધી તેની તલાશ કરી પણ તે મળ્યો ન હતો આખરે જ્યારે નવ મહિના બાદ સરબજિતનો પત્ર આવ્યો ત્યારે પરિવારને જાણ થઈ કે તે પાકિસ્તાની સૈનિકોનાં હાથમાં ઝડપાયો હતો.આમ તો જ્યારે તે ઝડપાયો ત્યારે તેના પર ગેરકાયદેસર ઘુસણખોરીનો આરોપ લગાવાયો હતો પણ ત્યારબાદ આઠ દિવસ પછી તેના પર ફૈસલાબાદ અને લાહોરમાં થયેલા વિસ્ફોટોમાં સામેલ હોવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો.તેના પર ભારતીય જાસુસી સંસ્થા વતી કામ કરતો હોવાનો પણ આરોપ લગાવાયો હતો.તેના પર આજ આરોપો અંતર્ગત કેસ ચલાવવામા આવ્યો હતો અને તેને બોમ્બ વિસ્ફોટ અને જાસુસીનાં આરોપમાં મોતની સજા અપાઇ હતી.

ભારત અને પાકિસ્તાન આ રીતે એકબીજાના નાગરિકોને પકડતું જ હોય છે અને તેમનાં પર જાસુસીના પણ આરોપ લાગતા જ હોય છે અને તેમને પુરાવાઓનો અભ્યાસ કરીને મુક્ત કરાતા હોય છે પણ સરબજિતમાં એવું બન્યુ ન હતું અને પાકિસ્તાન આર્મી એકટ અંતર્ગત તેને મોતની સજા કરાઇ હતી.હાઈકોર્ટ અને સુપ્રીમ બન્નેએ તેની સજા બહાલ કરી છે.૨૦૦૬માં તેણે સુપ્રીમમાં તેની મોતની સજાની ફેરવિચારણા કરવા અરજી કરી હતી પણ તેનો અસ્વીકાર કરાયો હતો.ત્યારે તેનો વકીલ સુનવણીમાં હાજર રહ્યો ન હતો અને તેના કારણે જ કોર્ટે તેની અરજીનો અસ્વીકાર કરાયો હતો.



આ મામલામાં વળાંક ત્યારે આવ્યો હતો જ્યારે ૨૬ એપ્રિલ ૨૦૦૮માં તેના કેસનાં મુખ્ય સાક્ષી એવા શોકત સલીમે પોતાનું બયાન બદલ્યુ હતું પહેલા તેણે કોર્ટને જણાવ્યું હતું કે તેણે સરબજિતને બોમ્બ પ્લાન્ટ કરતા જોયો હતો પણ ત્યારબાદ તેણે કબુલ કર્યુ હતું કે તેણે પોલીસનાં દબાણમાં આ નિવેદન આપ્યું હતું.જો કે તેણે આ નિવેદન કોર્ટમાં આપ્યું નહી હોવાને કારણે તેના કેસમાં કોઇ પરિવર્તન આવ્યું ન હતું.

પાકિસ્તાનનાં માનવાધિકાર કાર્યકર અન્સાર બર્નીએ આ મામલે સરબજિતનો બચાવ કરવાનું બીડુ ઉઠાવ્યું હતું તેમનો આરોપ હતો કે પહેલા સરબજિતની ધરપકડ ગેરકાયદે ઘુસણખોરી માટેની હતી પણ ત્યારબાદ આઠ દિવસ પછી તેના પર ત્રાસવાદી પ્રવૃત્તિનાં આરોપ લગાવવામાં આવે છે.તેમની દલીલ છે કે સરબજિતને રંગે હાથ ઝડપવામાં આવ્યો ન હતો.તેમાંય જ્યારે પણ સરબજિતની ઓળખ પરેડ કરાઇ ત્યારે મેજિસ્ટ્રેટ હાજર ન હતા અને પોલીસે સાક્ષીઓ દ્વારા સરબજિતની ઓળખ થઇ હોવાનો દાવો કર્યો છે.

બ્રિટીશ ધારાશાસ્ત્રી જસ ઉપ્પલે આ કેસમાં રહેલી કેટલીક ત્રુટીઓ તરફ ધ્યાન દોર્યુ છે જે અનુસાર તેની ઓળખ ક્યારે વેરીફાય કરાઇ નથી કે તે બોમ્બ બ્લાસ્ટમાં સામેલ હોવાનાં પણ ફોરેન્સિક પુરાવાઓ કોર્ટમાં મુકાયા નથી.આખો કેસ અંગ્રેજીમાં ચલાવવામાં આવ્યો હતો જેમાં સરબજિતને અંગ્રેજીની ફાવટ જ નથી. તેને દુભાષિયો પણ અપાયો ન હતો.તેના પર કસ્ટડીમાં અત્યાચાર ગુજારીને કબુલાત લેવાઇ હતી.સુનવણી દરમિયાન મોટાભાગનાં સાક્ષીઓ દ્વારા બયાન બદલવામાં આવ્યા છે.ઉલ્લેખનીય છે અત્યારસુધી સરબજિત વતી પાંચ જેટલી દયાની અરજીઓ કરાઇ છે જેમાં છેલ્લી અરજી ૨૮ મે ૨૦૧૨માં કરાઇ તેમાં તો દસ હજાર લોકોએ સરબજિતને છોડી મુકવાની અપિલ કરી હતી.તેમાંય જ્યારે ભારતે માનવતાનાં ધોરણે પાકિસ્તાનના વૈજ્ઞાનિક ખલિલ ચિશ્તીને મુક્ત કર્યા ત્યારબાદ સરબજિતને છોડવાની માંગણી વધારે તેજ બની છે.ભારતીય સંસદનાં બન્ને સદનમાં તેને મુક્ત કરાવવા માટે પ્રયાસ કરવાનો ઠરાવ પસાર થયો હતો અને તત્કાલિન વિદેશમંત્રી નટવરસિંહે પાકિસ્તાનનાં ઉચ્ચાયુક્ત અઝીઝ અહેમદ ખાન સમક્ષ આ મુદ્દો ઉઠાવીને પાકિસ્તાનનાં તંત્રાને આ મામલે માનવીય દષ્ટિકોણ દર્શાવવાની અપિલ કરી હતી.જુન ૨૦૧૨માં બોલિવુડ અભિનેતા સલમાનખાને પણ તેને મુક્ત કરાવવા માટે પહેલ કરી હતી.બોલિવુડનાં અભિનેતા રઝા મુરાદે પણ તેની મુક્તિ માટે અભિયાન ચલાવ્યું હતું અને એક લાખ કરતા વધારે હસ્તાક્ષર એકત્ર કર્યા હતા.એપ્રિલ ૨૦૦૮માં પાકિસ્તાનમાં ત્યાનાં વિદ્યાર્થીઓએ પણ સરબજિતની મુક્તિ માટે રેલી કરી હતી.લાહોર પ્રેસ ક્લબ ખાતે તો ડિસેમ્બર ૨૦૧૨માં તેને છોડવાની વિરૂદ્ધમાં ઉગ્ર દેખાવો થયા હતા અને ત્યારે કેટલાક કટ્ટરવાદીઓએ ભારતીય ધ્વજને સળગાવ્યો હતો. આ તમામ ઘટનાક્રમ વચ્ચે સરબજિતે પાકિસ્તાનનાં ૬૫માં સ્વતંત્રતાદિને દયાની અરજી કરી હતી પણ આ દરમિયાન ભારતમાં બે ઘટનાઓ બની હતી જેમાં એક તો મુંબઇ હુમલાનાં આતંકવાદી અજમલ કસાબને અને ત્યારબાદ સંસદ પર હુમલાનાં આરોપી અફઝલને ફાંસી અપાઇ હતી જેમાં અફઝલની ફાંસીનો મુદ્દો પાકિસ્તાનમાં ખુબજ ચગ્યો હતો અને ત્યારેજ સરબજિત પર હુમલો થવાની વાત ચર્ચાઇ હતી અને સરબજિતે પણ જેલમાં તેના પર હુમલો થવાની શંકા વ્યક્ત કરી હતી અને તેમ થયું પણ ખરુ તેના પર હાલમાંજેલમાં હુમલો થયો હતો અને તે ગંભીર સ્થિતિમાં સારવાર લઇ રહ્યો છે એ પણ બહાર આવ્યું હતું કે તેને મોતને ઘાટ ઉતારવાના ષડયંત્ર અંતર્ગત જ હુમલો કરાયો હતો.ભારતે આ ઘટનાનો આકરો વિરોધ કર્યો છે અને સંસદમાં પણ આ મામલે ભારે ઉહાપોહ મચી જવા પામ્યો છે.

# આગામી ચુંટણીમાં સત્તાનો અહંકાર કોંગ્રેસને ભારે પડશે

## વિજય લક્ષ્મી પંડિતની પુત્રી નયનતારા સહેગલે ઈન્દિરા ગાંધી પર લખેલ પોતાના પુસ્તકમાં આ વિકૃતિનો ખુલાસો કરતાં લખ્યું છે, 'પંડિત નહેરુના વંશજો માને છે કે, તેમનો જન્મ રાજ કરવા માટે થયો છે અને કોંગ્રેસ પાર્ટી તેમની ખાનદાની જાગીર છે. ઈન્દિરા ગાંધીના જમાનામાં તો આ અહંકાર વધુ ઘેરો બન્યો. ચાટુકારોની મંડળીએ તો ત્યારે ઈન્દિરા ઈઝ ઈન્ડિયા એન્ડ ઈન્ડિયા ઈઝ ઈન્દિરા જેવો નારો રચી કાઢ્યો હતો

કોંગ્રેસ કેન્દ્રિય સત્તામાં ૪૦ વર્ષોથી વધુ સમય સુધી આરૂઢ રહી છે અને ખાસ કરીને ૧૯૪૭ થી લઈને ૧૯૬૯ સુધી કેન્દ્રમાં જ નહિ પરંતુ મોટાભાગના રાજ્યોમાં પણ તેનું એકચક્રી શાસન રહ્યું હતું. આ લાંબા રાજપાટને કારણે તેની અંદર સ્વાભાવિક રીતે 'સત્તાનો અહંકાર' ઘર કરી ગયો છે. આ સમય દરમિયાન જ્યાં પણ બિનકોંગ્રેસી સરકારો આવી, કોંગ્રેસે બંધારણીય જોગવાઈઓનો દુરુપયોગ કરીને તેમને ચાલતી કરી દેવામાં વાર ન કરી. સત્તાના મદમાં કોંગ્રેસ વસ્તુતઃ લોકતાંત્રિક મૂલ્યોનો હ્રાસ કરતી આવી છે. તેના કેન્દ્રીય મંત્રીઓનાં નિવેદનો આ જ બાબતને ઉજાગર કરતા નજરે ચડે છે.

આ માનસિકતાના નિર્માણમાં કોંગ્રેસના વંશવાદી રાજકારણનું પણ મોટું યોગદાન છે. વિજય લક્ષ્મી પંડિતની પુત્રી નયનતારા સહેગલે ઈન્દિરા ગાંધી પર લખેલ પોતાના પુસ્તકમાં આ વિકૃતિનો ખુલાસો કરતાં લખ્યું છે, 'પંડિત નહેરુના વંશજો માને છે કે, તેમનો જન્મ રાજ કરવા માટે થયો છે અને કોંગ્રેસ પાર્ટી તેમની ખાનદાની જાગીર છે. ઈન્દિરા ગાંધીના જમાનામાં તો આ અહંકાર વધુ ઘેરો બન્યો. ચાટુકારોની મંડળીએ તો ત્યારે *ઈન્દિરા ઈઝ ઈન્ડિયા એન્ડ ઈન્ડિયા ઈઝ ઈન્દિરા* જેવો નારો રચી કાઢ્યો.' એ અતિશયોક્તિ નથી કે સત્તાસીન હોય ત્યારે કોંગ્રેસ નિરંકુશ થઈ જાય છે અને તે ઈચ્છે છે કે, આખા દેશમાં ફક્ત તેની જ રાજકીય વિચારધારાનું વર્ચસ્વ રહે.

ઈન્દિરા ગાંધીના કાર્યકાળમાં તેમના ડાબેરી વિશ્વાસપાત્ર મોહન કુમારમંગલમે પ્રતિબદ્ધ ન્યાયપાલિકા જે સંવિધાનને બદલે સત્તાધારી પક્ષ અર્થાત્ કોંગ્રેસની વિચારધારા પ્રત્યે પ્રતિબદ્ધ હોય તેની વકીલાત કરી હતી. આ જ વિચારને કારણે ત્યારે સર્વોચ્ચ ન્યાયાલયના ત્રણ વરિષ્ઠ ન્યાયાધીશોની વરિયતાને નજરઅંદાજ કરીને એક કનિષ્ઠ ન્યાયાધીશને મુખ્ય ન્યાયાધીશના પદ પર નિયુક્ત કરવામાં આવ્યા હતા.

કટોકટી દરમિયાન સંજય ગાંધીની મંડળીનો પ્રિય નારો *એક રાષ્ટ્ર, એક પાર્ટી એક નેતા* હતો. ઈન્દિરા ગાંધીના આખા કાર્યકાળમાં રાષ્ટ્રીયતાનો અર્થ નહેરુ પરિવારનું યશોગાન હતું. રાષ્ટ્રભક્તિ પંડિત નહેરુથી શરૂ થઈને ગાંધી પરિવારમાં સમાપ્ત થતી હતી. ઈન્દિરા ગાંધીનો વિરોધ કરનાર પ્રત્યેક વ્યક્તિ તેમના માટે દેશદ્રોહી હતો. પરિવારવાદની પૂજાનો આનાથી મોટો પુરાવો કયો હોઈ શકે કે, પૂર્વ વડાપ્રધાનોની નામાવલિમાં લાલબહાદુર શાસ્ત્રીનું નામ વિપક્ષોના વાંધાને કારણે રાજીવ ગાંધીના વડાપ્રધાનકાળમાં સામેલ કરવામાં આવ્યું હતું! વિભાજન બાદ દિલ્લીમાં મોટાભાગની કોલોનીઓનાં નામ નહેરુપરિવાર પરથી આપ્યાં, જેમકે, મોતીનગર, કમલાનગર, સ્વરૂપ નગર, નહેરુ નગર, નહેરુ વિહાર, ઈન્દિરા વિહાર વગેરે છે. હવે તો જીવતે જીવ દિલ્લીમાં સોનિયા વિહાર પણ આબાદ છે. રાજીવ ગાંધી અને તેમના બાદ મોટાભાગની સરકારી યોજનાઓનાં નામ નહેરુ-ઈન્દિરા-રાજીવના નામને સમર્પિત છે.

૨૦૦૪માં કેન્દ્રિય સત્તામાં કોંગ્રેસની વાપસી થતાં જ સત્તાનો અહંકાર વડાપ્રધાન પદની લોલુપતા માટે જાગ્યો. સોનિયા ગાંધીએ વિદેશી મૂળની અચડણ પેદા થતાં સત્તાની ચાવી હાથમાં રાખવા લોકતંત્ર સાથે એક નવો જ પ્રયોગ કર્યો. ૨૦૦૪થી દેશમાં એક એવા વડાપ્રધાન સ્થાપિત છે, જેમની પાસે પદ તો છે પરંતુ શક્તિઓનું કેન્દ્ર બીજું છે. કોંગ્રેસ અધ્યક્ષની પાસે મંત્રીમંડળનો કોઈ પણ વિભાગ નથી પરંતુ આખું મંત્રીમંડળ તેમની પરિક્રમા કરે છે.

આ અહંકાર રાહુલ ગાંધીના ચૂંટણી ભાષણોમાં પણ દેખાય છે. કેન્દ્ર સરકાર રાજ્યોને અપાતી કેન્દ્રિય સહાય માટે તેઓ એવા રૂઢિપ્રયોગો વાપરે છે જાણે અંગત મિલકતમાંથી ખેરાત આપતા હોય.

આ અહંકાર યુપીએ સરકારની કાર્યપ્રણાલીમાં ચારેબાજુ દેખાઈ રહ્યો છે. દેશ છેલ્લા ૪૨ વર્ષોથી ભ્રષ્ટાચાર મુક્ત વ્યવસ્થા સ્થાપિત કરવા માટે લોકપાલ કાયદાની રાહ જોઈ રહ્યો હતો અન્ના હજારેના નેતૃત્વમાં આખો દેશ તેના માટે આંદોલિત થયો. સરકારે પહેલાં અન્નાના હાલ બાબા રામદેવ જેવા કરવાનું નક્કી કર્યું હતું. કાળા નાણાંની વાપસીની માંગ કરી રહેલ બાબા રામદેવના આંદોલનનું દમન પોલીસ તંત્રના જોરે કરવામાં આવ્યું, જે કાંડની સુપ્રિમે આકરી ટીકા કરી હતી.

અન્નાની ધરપકડ પર જ્યારે જનજુવાળ સડકો પર ઊતરી ગયો ત્યારે સરકારે પીછેહઠ કરવી પડી. સરકારે દેશને એક સશક્ત લોકાયુક્ત કાયદો બનાવવાનું વચન આપ્યું, પરંતુ લોકાયુક્ત કાયદા મુદ્દે કોંગ્રેસે જે રીતે લોકતાંત્રિક મૂલ્યોની ફજેતી કરી તે આખો દેશ જોઈ ચૂક્યો છે. એટલું જ નહી પણ જ્યારે આ કાયદો ઘડવામાં આવ્યો ત્યારે તેના જે હાલ હવાલ થયા છે તે પુરવા કરે છે કે કોંગ્રેસ દેશમાંથી ભ્રષ્ટાચારને નાબુદ કરવામાં કોઇ રસ ધરાવતી નથી કારણકે જો સશક્ત અને નિષ્પક્ષ લોકાયુક્ત હોય તો કોંગ્રેસની રાજ્ય સરકારો કાંઇ દુધે ધોયેલી નથી આથી ત્યાં પણ વમળો ઉપજે તે પહેલા જ સરકારે અસરહીન લોકાયુક્ત ખરડો પસાર કરીને પોતાનાં કર્તવ્યની ઇતિશ્રી માની લીધી છે.યુવરાજ રાહુલ ગાંધીનો અહંકાર જનઅપેક્ષાઓ પર હાવી રહ્યો અને ઉત્તરપ્રદેશનો મોરચો જીતવા માટે કોંગ્રેસે તમામ નૈતિક મુલ્યોને તાક પર મુક્યા હતા જો કે તેના આ પ્રયાસોને ઉત્તરપ્રદેશની જનતાએ એટલી બેદર્દીથી ઠુકરાવ્યા કે કોંગ્રેસને હજી કળ વળી રહી નથી ત્યારબાદ ગુજરાતમાં પણ તેમના એ જ હાલ થયા હતા ત્યારે હાલમાં કર્ણાટકમાં ભાજપનો ભ્રષ્ટાચાર તેને ભારે પડી રહ્યો છે અને તેના કારણે જ ત્યાં કોંગ્રેસ સત્તામાં વાપસી કરશે તેવું લાગી રહ્યું છે પણ તેની ખરી અગ્નિપરીક્ષા તો આગામી વર્ષે થનાર લોકસભાની ચુંટણી છે જ્યાં આ સરકારથી વાજ આવેલી પ્રજા તેને જાકારો આપવાનાં મુડમાં હોવાનું લાગી રહ્યું છે.

સ્વચ્છ અને નિષ્પક્ષ પારદર્શી ચૂંટણી કરાવવા માટે સંવિધાન નિર્માતાઓએ ચૂંટણી પંચની જોગવાઈ કરી હતી. ચૂંટણી દરમિયાન પંચ દ્વારા નિર્ધારિત આચાર સંહિતાનું પાલન કરવાની અપેક્ષા તમામ રાજકીય પક્ષો પાસે રખાય છે. તેથી ઉત્તરપ્રદેશ ચૂંટણીમાં મુસ્લિમોને કોંગ્રેસના પક્ષમાં કરવા માટે જ્યારે કેન્દ્રિય કાયદામંત્રી સલમાન ખુર્શીદે ધાર્મિક આધાર પર અનામત આપવાની જાહેરાત કરી તો પંચે હસ્તક્ષેપ કરવો પડ્યો પરંતુ ખુર્શીદ સત્તાના મદમાં હતા.

પહેલાં તો તેમણે ચૂંટણી પંચને ચૂંટણીના પાયાની જાણકારી નહિ હોવાની વાત કરી, પછી પંચ પાસેથી સલાહ મળ્યા છતાં સત્તાના મદમાં એમ કહી નાખ્યું કે પંચ ઈચ્છે તો મને ફાંસી આપી દે, પરંતુ તેઓ અનામત અપાવીને રહેશે. ત્યાર બાદ એક અન્ય કેન્દ્રિય મંત્રીએ ચૂંટણી પંચની ઐસીતૈસી કરી. યુવરાજને આચાર સંહિતાના ઉલ્લંઘનની નોટિસ મળી કે તરત જ કોંગ્રેસે આચાર સંહિતાનો મામલો જ આયોગ પાસેથી છીનવીને ન્યાયાલયને આધીન કરવાની તૈયારી આદરી દીધી. હાલમાં તેના પર વિરામ મૂક્યો છે પરંતુ વંશવાદી કોંગ્રેસની રાજવંશી માનસિકતા પર કોઈ લગામ નથી.

બિન કોંગ્રેસી રાજ્ય સરકારો સાથે કેન્દ્ર સરકારનો ટકરાવ આ જ માનસિકતાનો દ્યોતક છે.

હવે સરકાર રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડ (એનએસજી)ને આખા દેશમાં તલાશી લેવા અને ધરપકડ કરવાના અધિકાર આપવાની તૈયારીમાં છે. ભારતના સંવિધાને કેન્દ્ર અને રાજ્યોના અધિકારોની એક સ્પષ્ટ વિભાજક રેખા ખેંચી છે. એ લક્ષ્મણ રેખાને જાણીબૂઝીને વારંવાર ઓળંગવાની માનસિકતા વસ્તુતઃ કોંગ્રેસ અને નહેરુ-ગાંધી પરિવારની અહંકારી પ્રવૃત્તિને કારણે જ છે.

# ભારતને એક તાંતણે બાંધતુ સુત્ર : સંસ્કૃતિ

## ભારતની એકતાના સૂત્ર સાંસ્કૃતિક આસ્થા અને ધાર્મિક કર્મકાંડથી માંડીને ઘરના સ્નાનાગાર સુધી એટલી સૂક્ષ્મ રીતે બિછાયેલા છે કે, શતાબ્દીઓના વિદેશી શાસન બાદ પણ ભારત પોતાની રાજનૈતિક એકતાને અક્ષુણ્ણ રાખીને વિરાટ સ્વરૂપની સાથે ૨૧મી સદીનું માર્ગદર્શન કરવા માટે તૈયાર ઊભું છે

આજે સંપૂર્ણ વિશ્વ એક ચેપીકાળથી પસાર થઈ રહ્યું છે. કહેવામાં આવી રહ્યું છે કે, બદલાતા સમીકરણો અનુસાર ૨૧મી સદી ભારત અને ચીનની સદી હશે. એક અનુમાન અનુસાર ભારત આજે વિશ્વની ઊભરતી આર્થિક મહાશક્તિ જ નહિ બલ્કે, ૨૧મી શતાબ્દીના મધ્ય સુધી ભારતની જનસંખ્યા ચીનથી વધારે અને તેનો જીડીપી અમેરિકાથી વધારે થઈ જશે. એટલે કે, ભારતનું ભવિષ્ય અત્યંત સંભાવનાપૂર્ણ છે પરંતુ તેનો મુખ્ય આધાર ભારતના વિશાળ આકાર અને જનસંખ્યામાં સમાયેલું છે. એક અન્ય બિંદુ એ છે કે, ભારત વિશ્વની તમામ પ્રાચીનતમ સભ્યતાઓમાંથી એકમાત્ર જીવિત સભ્યતા છે. ભારત વિશ્વનું એકમાત્ર જીવિત પ્રાગૈતિહાસિક રાષ્ટ્ર છે. ભૂતકાળથી ભવિષ્ય સુધી આટલા લાંબા અંતરાલમાં આટલા વિરાટ સ્વરૂપને ભારત કેવી રીતે સંરક્ષિત કરીને રાખવામાં આવે, તે પશ્ચિમી વિચારકો માટે આશ્ચર્ય અને શોધનો વિષય છે.

ભારતની એકતાનો મુખ્ય આધાર આર્થિક, રાજનૈતિક, પ્રશાસનિક કારણોમાં સમાયેલો નહોતો. કેમકે, આ આધારો પર રચાયેલ મોટા મોટા રાષ્ટ્રોનું જીવન બહુ લાંબુ નથી હોતું. ઈતિહાસમાં અરબ ક્ષેત્રમાં તુર્કી અને મેસોપોટાનિયાના સામ્રાજ્ય, ઉત્તરી આફ્રિકામાં મિસરનું સામ્રાજ્ય અને યુરોપમાં રોમન સામ્રાજ્ય આજે તે જ ક્ષેત્રમાં અનેક રાષ્ટ્રોમાં વિભાજીત છે. છેલ્લી શતાબ્દીમાં જ ચેકોસ્લોવાકિયા અને સોવિયેત સંઘનું વિઘટન તેનું મુખ્ય ઉદાહરણ છે. ભારતમાં એકતાનું સૂત્ર અહીંની સંસ્કૃતિ, ધર્મ અને સાંસ્કૃતિક મનોવિજ્ઞાનમાં એટલી સુવ્યવસ્થિત ઢંગથી વસેલું છે કે સામાન્ય રીતે તે ત્યાં નજરે નથી આવતું.

ભારતીય સંસ્કૃતિની આ એક અદ્દભુત વિશેષતા છે કે, આપ અહીંના ધર્મ અને સંસ્કૃતિના કોઈ પણ પ્રતીક પર આસ્થા રાખો તો સંપૂર્ણ ભારતવર્ષથી સ્વતઃ જોડાઈ જશો. તેને કેટલાંક ઉદાહરણો દ્વારા સમજી શકાય છે. જેમ કે જો કોઈ ભારતીય કહે કે તે વૈષ્ણવ છે તો તેની આસ્થા ભગવાન રામમાં છે તો ઉત્તરમાં અયોધ્યાથી માંડીને ચિત્રકૂટ થઈને દક્ષિણમાં રામેશ્વરમ્ સુધી તમામ સ્થાનો સાથે તે વ્યક્તિની આસ્થા ખુદબખુદ જોડાઈ જશે. જો કોઈ વ્યક્તિ કહે કે તેની આસ્થા ભગવાન શ્રીકૃષ્ણમાં છે તો ઉત્તરમાં તેમની જન્મભૂમિ મથુરા, પૂર્વમાં જગન્નાથપુરી, પશ્ચિમમાં દ્વારિકા અને દક્ષિણમાં તિરુપતિ બાલાજી સુધી દેશના તમામ સ્થાનો સાથે તેની આસ્થા ખુદબખુદ જોડાઈ જશે.

જો કોઈ કહે કે તે વૈષ્ણવ નહિ પરંતુ શૈવ છે તો તેની આસ્થા ભગવાન શંકરમાં હશે તો ઉત્તરમાં અમરનાથ, મધ્યમાં ઉજ્જૈનના મહાકાલ, પશ્ચિમમાં સોમનાથ અને દક્ષિણમાં રામેશ્વરમ્ સહિત દ્વાશ જ્યોતિર્લિંગ દ્વારા ભારતના દરેક ખૂણા સાથે તેની આસ્થા જોડાઈ જશે. જો કોઈ વ્યક્તિ એમ કહે કે તે શાક્ત છે તો તેની આસ્થા દેવીમોં હશે અને ત્યારે ઉત્તરમાં વૈષ્ણોદેવી, મધ્યમાં વિંધ્યવાસિની, પશ્ચિમમાં મુંબાદેવી, પૂર્વમાં કામાખ્યા અને દક્ષિણમાં કન્યાકુમારી સહિત દેશના તમામ ભૌગોલિક ક્ષેત્રો સાથે તે વ્યક્તિની આસ્થા ખુદબખુદ જોડાઈ જશે.

એકતાનું આ સૂત્ર માત્ર વિચારમાં જ નહોતું. તેનું ક્રિયાત્મક સ્વરૂપ પણ અનાદિકાળથી જોવા મળી રહ્યું છે. દેશનાં ચાર સ્થાનો નાસિક, ઉજ્જૈન, પ્રયાગ અને હરિદ્વારમાં પ્રત્યેક ત્રણ વર્ષ બાદ કુંભ મેળો યોજાય છે. અને દેશના સમસ્ત સાધુ-સંત અને અખાડાઓ સતત આ ચાર સ્થાનોની યાત્રા કરતા રહે છે. આદિ શંકરાચાર્યજીએ ચારેય ખૂણા પર મઠ બનાવ્યા અને ત્યાંના શંકરાચાર્ય બનવા માટે એ નિયમ બનાવવામાં આવ્યો કે તે ક્ષેત્રની વ્યક્તિ શંકરાચાર્ય નહિ બની શકે. હજુ નેપાળમાં પશુપતિનાથ મંદિર વિવાદના સમયે એ વાત પ્રકાશમાં આવી કે ત્યાંના મુખ્ય પૂજારી શતાબ્દીઓથી કર્ણાટકના જ બનતા આવ્યા છે. અર્થાત્ રાજનીતિક પાર્થક્ય પણ એકતાને સાંસ્કૃતિક સૂત્ર સાથે જોડાયેલા રાખે છે.

એટલું જ નહિ, ભારતમાં ધર્મ અને સંસ્કૃતિના કર્મકાંડોમાં પણ, જેની આધુનિક બુદ્ધિજીવી તીવ્ર આલોચના કરે છે, રાષ્ટ્રીય એકતાના ઊંડા સૂત્ર છે. પૂજા કરતી વખતે જ્યારે પુરોહિત હાથમાં જળ લેવાનું કહે છે ત્યારે સંકલ્પ સ્વરૂપ એવો મંત્ર બોલવામાં આવે છે, 'ગંગે ચ યમુને ચ ગોદાવરી, સરસ્વતી, સિંધુ, કાવેરી જલેઽસ્મિન સન્નિધિ કુરુ'। અર્થાત્ પૂજા સ્થળ પર બેઠેલા તમે ભાવનાથી દેશની સમસ્ત નદીઓની સાથે જોડાઈ જાઓ છો. સાંસ્કૃતિ વિધાન તો એવું છે કે, તહેવારો દરમિયાન સ્નાન કરતી વખતે આ મંત્ર બોલવો જોઈએ.

એટલે સ્પષ્ટ છે કે, ભારતની એકતાના સૂત્ર જે દેવી-દેવતાઓ અને પરંપરાઓમાં સમાયેલી છે, તેના કારણે દેશનો કોઈ હિસ્સો જો કોઈ અન્યના પ્રભાવમાં હોય તો પણ બીજા હિસ્સામાં બેઠેલી વ્યક્તિની ભાવના તે હિસ્સા સાથે જોડાયેલી રહે છે. ભારતીય સંસ્કૃતિમાં જરૂરી નથી કે તમે પૂજા બહાર જઈને કરો. તમે પોતાના દેવતાને પોતાના ઘરમાં જ રાખી શકો છો અને ઘેર બેઠા બેઠાં જ કોઈ પણ દેવતાની આરાધના સાથે પોતાની આસ્થા તમામ ભારતની સાથે જોડાઈ જાય છે. એટલે સુધી કે તમે ધાર્મિક વિધાન અનુસાર સ્નાન કરીને ખુદને આખા ભારતની નદીઓ સાથે જોડાયેલા અનુભવી શકો છો.

વિશ્વની કોઈ પણ સત્તા મંદિરો, મઠો અને આસ્થાના કેન્દ્રોને તો નષ્ટ કરી શકે છે પરંતુ એક-એક વ્યક્તિના ઘરમાં ઘૂસીને તેમના ક્રિયાકલાપોને નિયંત્રિત નથી કરી શકાતા. અને સ્નાનાગારમાં સ્નાન કરી રહેલ વ્યક્તિને નિયંત્રિત કરવાનું તો અકલ્પનીય છે. ભારતની એકતાના સૂત્ર સાંસ્કૃતિક આસ્થા અને ધાર્મિક કર્મકાંડથી માંડીને ઘરના સ્નાનાગાર સુધી એટલી સૂક્ષ્મ રીતે બિછાયેલા છે કે, શતાબ્દીઓના વિદેશી શાસન બાદ પણ ભારત પોતાની રાજનૈતિક એકતાને અક્ષુણ્ણ રાખીને વિરાટ સ્વરૂપની સાથે ૨૧મી સદીનું માર્ગદર્શન કરવા માટે તૈયાર ઊભું છે, જ્યારે વિશ્વની અન્ય મહાનતમ શક્તિઓ પતાની કોઈ પણ પ્રકારની એકતાને બચાવી નથી શકી. એટલા માટે ભારત એક ચિરંતન રાષ્ટ્ર છે, સનાતન રાષ્ટ્ર છે.

ભારતની યુવા પેઢીએ તેની શક્તિના આ વાસ્તવિક, મૂળ અને નૈસર્ગિક તત્વને સમજવું પડશે. સાથોસાથ તેને સંરક્ષિત અને વિકસિત પણ કરવું પડશે અને ત્યારે જ ભારત ૨૧મી સદીમાં વિશ્વનું નેતૃત્વ કરી શકશે.

# ખાંડ એક ધીમુ ઝેર : ડાયાબીટીશની જન્મદાતા

આપણા ખોરાકમાં ખાંડ એક મહત્વનું સ્થાન મેળવી લીધું છે. સવારમાં ઊઠયા ત્યારથી રાત્રે સૂતા આપણે ખાંડનો ઉપયોગ કરીએ છીએ. ચાના પ્યાલામાં, ગરમ કરેલા દૂધમાં, દાળ-શાકમાં, મિઠાઈમાં, શરબત અને આઈસ્ક્રીમ, દૂધપાક, બાસુદી, શીખંડ-બધામાં ખાંડનો પુષ્કળ વપરાશ કરીએ છીએ.કારેલના ગુણો જાણી તેનું શાક કરીએ તો પણ તેમાં ઉપરથી ખાંડ ભભરાવીએ છીએ. લાડુ, શીરો, કંસાર, બરફી, પેંડા, મોહનથાળ વગેરે મીઠાઈઓમાં ભારોભાર ખાંડ નાંખીએ છીએ. સકરટેટી લાવ્યા હોઈએ તો તેમાં પણ ખાંડ મેળવીએ છીએ. અરે ! કેરીના મધુર રસને વધુ મીઠો કરવા તેમાં પણ ખાંડ ઉમેરીએ જ છીએ ને ?આ રીતે આપણા રોજિંદા ખોરાકનું ખાંડ એક લગભગ અનિવાર્ય અંગ બની ગઈ છે. ભોજનમાં ગળપણ હોય તો મીઠાશ લાગે છે. નહિ તો તે ભોજન ફિકું લાગે છે. એટલા માટે આપણે કહીએ છીએ, 'ગળ્યુ એટલું ગળ્યું, બાકી બધું બળ્યુ.આવી ખાંડ છેલ્લા કેટલાક વર્ષોથી દિવસે દિવસે મોંઘી બનતી ગઈ છે. ઘણી વખતે છતે પૈસે તે મળતી પણ નથી અને ઘણી વખત મોંઘી ખાંડ ખરીદવી પરવડતી નથી. એટલે આપણને કંટાળો આવે છે. આપણે બળાપો કરીએ છીએ અને રાજકર્તાનો દોષ કાઢીએ છીએ. ભોજનમાંથી રસ ઊડી ગયો હોય એમ નિરાશ થઈએ છીએ ને પરિણામે મીઠી ખાંડ કડવી બની ગઈ છે.આવી ખાંડની બીજી બાજુનો વિચાર કરવા તમે તૈયાર છો ? ખાંડ એક ધીમુ ઝેર છે અને ડાયાબીટીશ જેવા લગભગ અસાધ્ય દર્દની તો તે જન્મદાતા છે.બચપણથી માંડીને વૃદ્ધાવસ્થા સુધી ખાંડ કેવી રીતે આરોગ્યને નુકસાન કરે છે તે સમજીએ.શેરડીમાં શર્કરા મુખ્ય પોષણનું તત્વ છે. તે અનેક ક્ષારો જેવાં કે ચૂનો ફોસ્ફરસ, લોહ વગેરે તથા જુદા જુદા વિટામીનોથી ભરપૂર છે. શેરડીમાં પાણીનું પ્રમાણ સારા પ્રમાણમાં હોવાથી શર્કરા ઘનિષ્ટ નથી.ખાંડના પાચનમાં, આભશોષણમાં તેમજ ઉપયોગમાં ક્ષારો અને વિટામીનોની જરૂર પડે છે. આ તત્વો શેરડીમાં હતા પણ ખાંડના કારખાનામાં નીકળી ગયાં. આ ક્ષારો અને વિટામીનો વગર શરીર ખાંડને ન અપનાવી શકે. અપચો અને ગેસ વાયુ તો ખાંડ ખાનારને મોટે ભાગે થાય છે. વળી, શર્કરા ઘનિષ્ટ હોવાથી પેટમાં ચાંદુ પડી શકે છે.આ ઉપરાંત ખાંડની એક ખરાબ અસર મન પર થાય છે. ખાંડ ભોજનમાં લીધા પછી તેની શર્કરા ઘનિષ્ટ હોવાથી લોહીમાં સાકરનું પ્રમાણ ઝડપથી ઊંચે જાય છે. એટલે તેને સમતોલ બનાવવા પેન્ક્રીઆસ ગ્રંથિ વધુ ઈન્સ્યુલીન પેદા કરે છે અને લોહીમાં ખાંડનું ઊંચુ થયેલુ પ્રમાણ નીચું આવે છે ! વારંવાર ખાંડ લેવાથી ઈન્સ્યુલીન વારંવાર પેદા થવાથી સમય જતાં ઈન્સ્યુલીનનું પ્રમાણ જોઈએ તે કરતાં ઊંચું જાય છે. મીઠી-પેશાબ કે ડાયાબીટીસનાં રોગનું આ જ મૂળભૂત કારણ છે.મગજ પોતાની શક્તિ ફકત શર્કરામાંથી જ મેળવે છે. રકતમાં ખાંડનું પ્રમાણ નીચે જતાં મગજમાં ગોટાળા પેદા થવા લાગે છે. સાચો નિર્ણય થઈ શકતો નથી અને વિકૃત વિચારો પેદા થાય છે. મન અસામાજિક અને ગુનાહિત થવા માંડે છે.શર્કરા પોષણ માટે જરૂરી તત્વ છે પણ તે કુદરતી સ્વરૂપમાં અન્ય તત્વો સાથે સંતુલિત હોવી જોઈએ. પાકાં કેળાં, ચીકુ, પપૈયા જેવાં મીઠાં ફળો ખાઈને શર્કરા મેળવવી તે ઉત્તમ છે. શક્કરિયાં, બટાટા, ગાજર વગેરેની છાલ કાઢયા વિના ઉપયોગ કરવો તંદુરસ્તી જન્મ છે.આપણે નાનાં બાળકોને પ્યાર કરવા કેક, પીપરમીટ, ચોકલેટ વગેરે અપાવીએ છીએ. વળી, દૂધ અને ચા-કોફીથી માંડીને આઈસ્ક્રીમ, ઠંડા પીણાં અને મિષ્ટાન્નોમાં મોટા પ્રમાણમાં ખાંડ વાપરીએ છીએ. આ રીતે આપણે આપણું અને બાળકોનું શરીર નબળુ બનાવીએ છીએ.એકવાર ખાંડ શરીરના કોષોમાં જાય છે પછી તે ત્યાં વ્યસન પેદા કરે છે અને વધુ ખાંડ વારંવાર ખાવા લલચાવે છે. જેને તંદુરસ્તી જોઈતી હોય તેણે ખાંડથી દૂર રહેવું જ પડશે. બાળકોને ખાંડના વ્યસની ન બનાવો. તમારા રસોડામાં ખાંડને પ્રવેશ ન કરવા દો! આહારમાં ખાંડને 'સફેદ ઝેર' વિના કારણ કહ્યું નથી.

Printed, Published and Owned by Shri Narendra Joshi and Printed at Bhoomi Offset Bhatiya vadi, Opp. Kalupur Rly. Station, Kalupur, Ahmedabad-380002 and published from H-115/991, Nirmal Appartments, Naranpura, AHMEDABAD-380063. Editor- Mr. NARENDRA JOSHI. PH :-079- 27451449, (M) 9825065387

# સેન્સેક્સ ૧૦૧ અને નિફ્ટી ૩૩ પોઈન્ટ વધ્યો

## અગ્રણી કંપનીઓના સારા પરિણામોને પગલે સેન્સેક્સમાં ઉછાળો : લાર્જકેપ શેરો કરતાં મિડકેપ શેરોમાં સારો એવો વધારો જોવા મળ્યો

**મુંબઈ, તા. ૨૯**

સપ્તાહના પ્રથમ દિવસે શેરબજારમાં તેજી રહેતા રોકાણકારોમાં ખુશીનો માહોલ છવાઈ ગયો હતો. એફએમસીજી અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ શેરોમાં આવેલી તેજી અને એચયુએલ, હેક્સાવેયર અને હીરો મોટોકોર્પ જેવા શેરોમાં ઉછાળાને પગલે બજાર લગભગ અડધા ટકાની તેજી સાથે બંધ રહ્યો હતો. સેન્સેક્સ ૧૦૧ પોઈન્ટ ઉછળીને ૧૯૩૮૮ના સ્તરે અને નિફ્ટી ૩૩ પોઇન્ટની તેજી સાથે ૫૯૦૪ના સ્તરે બંધ રહ્યો હતો.

આજે મિડકેપ શેરોમાં સારો એવો વધારો જોવા મળ્યો હતો જ્યારે સ્મોલ કેપ શેરોમાં ૦.૨૫ ટકાનો નજીવો વધારો નોંધાયો હતો. નાણાંકીય વર્ષ ૨૦૧૩ના ચોથા ત્રિમાસિકના પરિણામો ધારણા કરતાં સારા આવવાથી મોટોકોર્પ ચાર ટકા ઉછળ્યો હતો. મારૂતિ સુઝુકી, બજાજ ઓટો, ભેલ, એશિયન પેન્ટ્સ, સિપ્લા, ગ્રાસિમ, પીએનબી, ભારતી એરટેલ, એસબીઆઇ, ટાટા પાવર ૧.૫-૦.૭ ટકા મજબૂત રહ્યા હતાં. નાણાંકીય વર્ષ ૨૦૧૩ના ચોથા ત્રિમાસિકમાં સેસા ગોવાનો નફો ૭૪ ટકા ઘટીને રૂા. ૨૯૭.૫ કરોડ રહ્યો. સેના ગોવાને શેર એટ ટકા તૂટ્યો હતો. જાન્યુઆરી-માર્ચ ત્રિમાસિકમાં હેક્સવાયરનો નફો ૧૯૮ ટકા વધીને ૭૯.૩ કરોડ રૂપિયા રહ્યો. હેક્સવાયેર ૧.૨૫ ટકા ચઢ્યો હતો. એશિયન બજારમાં મિશ્રિત કારોબાર જોવા મળ્યો હતો. સ્થાનિક બજારમાં હિન્દુસ્તાન યુનિલીવર નિફ્ટીની ટોપ ગેનર કંપની રહી હતી. કંપનીના શેરોમાં લગભગ ૭.૧ ટકાની તેજી રહી હતી. આરઇએલ ઈન્ફ્રા, ઈન્ડસઈન્ડ બેંક, જેપી એસોસિએસટ અને હીરો મોટોકોર્પના શેરોમાં પણ ૩થી ૪.૩ ટકાની તેજી નોંધાઇ હતી.

કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, એફએમસીજી, રિયલ્ટી, પાવર, ટેક, આઈટી અને ઓઇલ એન્ડ ગેસ ક્ષેત્રની કંપનીઓના શેરોમાં ખરીદી વધવાને પગલે આ ઈન્ડિસેઝમાં લગભગ ૦.૫થી ૨.૪ ટકાની તેજી રહી હતી. ત્યાં મેટલ ઈન્ડેક્સમાં ઘટાડો નોંધાયો હતો.

સકારાત્મક સમાચારોના આધારે એચયુએલના શેરોમાં તેજી જોવા મળી હતી. ઈન્ડસઈન્ડ બેંક, ટીઆરઆઈએલ, ગુડઈયર ઈન્ડિયા, હીરો મોટોકોર્પ, ડેંસો ઈન્ડિયા અને હેક્સવેયર ટેકનોલોજીજના શેરોમાં ૫એ તેજી જોવા મળી હતી.

# વિદેશી રોકાણકારો દ્વારા ૨૦૧૩માં શેરોમાં ૧૧ અબજ ડોલરનું રોકાણ

## એપ્રિલ મહિનામાં રોકાણકારોએ શેરોમાં કુલ ૮૨૩ કરોડ ડોલરનું રોકાણ : માર્ચ દરમિયાન ૧.૨ અબજ ડોલર,ફેબ્રુઆરીમાં ૪.૫૭ અબજ ડોલર, જાન્યુઆરીમાં ૪.૦૫ અબજ ડોલરનું રોકાણ

**મુંબઈ, તા. ૨૯**

વિદેશી રોકાણકારો માટે ભારત રોકાણનું આદર્શ ડેસ્ટીનેશન બની રહેવા પામ્યું છે અને અન્ય શેરબજારોની તુલનાએ અહી તેમને સારુ રિટર્ન મળતું હોવાને કારણે તેમણે ભારતીય શેરબજારમાં રોકાણનો ટ્રેન્ડ યથાવત રાખ્યો હતો જે અનુસાર એપ્રિલ મહિનામાં રોકાણકારોએ શેરોમાં કુલ ૮૨૩ કરોડ ડોલરનું રોકાણ કર્યુ હતું. જે સાથે વર્ષ ૨૦૧૩નાં પ્રથમ ચાર મહિનામાં વિદેશી રોકાણકારો દ્વારા કુલ રોકાણ ૧૧.૨ અબજ ડોલર થવા પામ્યું છે.

એફઆઈઆઈએ માર્ચ દરમિયાન ૧.૨ અબજ ડોલર,ફેબ્રુઆરીમાં ૪.૫૭ અબજ ડોલર, જાન્યુઆરીમાં ૪.૦૫ અબજ ડોલરનું રોકાણ કર્યુ હતું.

બજારનાં નિષ્ણાંતોનાં જણાવ્યા અનુસાર આમ તો રોકાણકારોએ જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં મોટાપાયે રોકાણ કર્યુ હતું પણ રાજકીય અનિશ્ચિત પરિસ્થિતિ તથા ચાલુખાતાની ખોટમાં વધારાને કારણે એપ્રિલ મહિનામાં રોકાણમાં ઘટાડો નોંધાયો હતો. અન્ય એક નિષ્ણાંતે પણ આ જ મત વ્યક્ત કરતા જણાવ્યું હતું કે કેટલાક કારણોસર વિદેશી રોકાણકારોમાં ચિંતા જોવા મળી હતી.

સેબીના આંકડાઓ અનુસાર એપ્રેલની ૨-૨૬ તારીખ દરમિયાન એફઆઈઆઈએ કુલ ૫૪૭૯૦ કરોડની કિંમતનાં શેરોની ખરીદી કરી હતી તથા તેમણે ૫૦૩૫૪૦ કરોડનાં શેરોનું વેચાણ કર્યુ હતું જેના પરિણામે ૪૪૫૦ કરોડનું ચોખ્ખુ રોકાણ નોંધાયું હતું.

વિદેશી ફંડ હાઉસે ચાલુ મહિનામાં અત્યાર સુધીમાં ડેટ માર્કેટમાં પણ ૧૫૮૬ કરોડનું રોકાણ કર્યુ હતું તે સાથે ચાલુ કેલેન્ડર માસમાં અત્યાર સુધીમાં કુલ રોકાણ૧૪૩૩૦ કરોડનું નોંધાયું હતું.

# કોલસા કૌભાંડનો સ્ટેટસ અહેવાલ બદલવામાં આવ્યો હોવાનો ખુલાસો

## સરકારી દખલ બાદ સ્ટેટસ અહેવાલમાં પંદરથી વીસ ટકાનો બદલાવ કરાયો : સીબીઆઈએ સુપ્રીમને પોતાનો અને પરિવર્તિત કરાયેલો અહેવાલ સોંપ્યો

**નવી દિલ્હી, તા. ૨૯**

કોલસા કૌભાંડ મામલે સરકાર હવે ભારે મુસીબતમા ફસાતી જતી હોવાનું જણાઇ રહ્યું છે કારણકે સીબીઆઇ દ્વારા સુપ્રીમમાં રજુ થયેલા સોગંધનામામાં દાવો કરાયો હતો કે એ આ અહેવાલ પીએમ કાર્યાલય અને કાયદામંત્રીને બતાવવામાં આવ્યો હતો પણ તેમાં કોઇ ખાસ પરિવર્તન કરાયું ન હતું પણ હવે એ ખુલાસો થયો છે કે ખરેખરતો આ અહેવાલમાં ખાસ્સા ફેરફાર કરાયા હતા.આ મામલે સંસદમાં વિપક્ષે ગોકીરો મચાવી દીધો હતો અને તેમણે વડાપ્રધાનનાં રાજીનામાની માંગ કરી હતી.અંગ્રેજી અખબાર ઈન્ડિન એક્સપ્રેસનાં અહેવાલ અનુસાર કાયદામંત્રી અશ્વિનીકુમારે અહેવાલમાં ખાસ્સો બદલાવ કર્યો હતો.ત્યારબાદ પીએમઓ કાર્યાલયનાં અધિકારીઓ અને સીબીઆઈએ તેમાં પરિવર્તન કર્યો હતો ત્યારબાદ આ અહેવાલ સુપ્રીમને સોંપાયો હતો.આ મામલે વિપક્ષે રાજ્યસભામાં વડાપ્રધાનના રાજીનામાની માંગ કરી હતી.આ હંગામાને કારણે રાજ્યસભામાં બપોરે બાર વાગ્યા સુધી કાર્યવાહી સ્થગિત કરવાની ફરજ પડી હતી.

ઉલ્લેખનીય છેકે કોલસાકૌભાંડમાં સીબીઆઈએ ૨૬ એપ્રિલે સુપ્રીમને પોતાનાં બે સ્ટેટસ અહેવાલ સોંપ્યા હતા એક અહેવાલ એ હતો જે સીબીઆઈએ પહેલા તૈયાર કર્યો હતો અને બીજો અહેવાલ એ હતો જે પીએમઓ કાર્યાલય અને કાયદામંત્રીને અહેવાલ દર્શાવ્યા બાદ બનાવવામાં આવ્યો હતો. આમ બે અલગ અલગ એહવાલથી સ્પષ્ટ થાય છે કે સીબીઆઈએ પોતાનાં સ્ટેટસ અહેવાલમાં પરિવર્તન કર્યો હતો. સુત્રોઅનુસાર સરકારી દખલ બાદ સ્ટેટસ અહેવાલમાં પંદરથી વીસ ટકાનો બદલાવ કરાયો હતો.ત્યારે એક તરફ તેમાં કોઇ પરિવર્તન નહી કરાયાનો દાવો થઇ રહ્યો છે જ્યારે સુપ્રીમમાં જે અહેવાલ સોંપાયા છે તેમાં બન્નેમાં ભારે તફાવત હોવાનો ખુલાસો થયો છે.

# કાળાનાણા સામેની ઝુંબેશ ભારતે પડતી મુકી

## આવકવેરા વિભાગની આગેવાની હેઠળ એક તપાસ વિભાગ ડાયરેક્ટરેટ ઓફ ક્રિમિનલ ઈન્વેસ્ટીગેશનની રચના કરી હતી જેને હાલમાં વિખેરી નાંખવામાં આવ્યું

**નવીદિલ્હી, તા. ૨૯**

યુપીએ સરકારે કાળા નાણા સામેની લડાઈ શરૂ કરીને મોટી મોટી વાતો કર્યા બાદ તેને પડતી મુકી છે.આ મામલે સરકારે શ્વેતપત્ર રજુ કર્યુ હતુ અને વિદેશોમાં જતા કાળા નાણાને રોકવા અને ત્યાં રહેલા કાળા નાણાને પાછા લાવવા માટે વ્યુહ ઘડ્યા હતા પણ હવે આ મુદ્દો સરકારે અભેરાઈએ ચડાવી દીધો છે. સરકારે આ મામલે એક વિભાગની રચના કરી હતી જેને વિખેરી નાંખવામાં આવ્યું છે.

કાળાનાણાના દુષણને ડામવા સરકારે આવકવેરા વિભાગની આગેવાની હેઠળ એક તપાસ વિભાગ ડાયરેક્ટરેટ ઓફ ક્રિમિનલ ઈન્વેસ્ટીગેશનની રચના કરી હતી જેને હાલમાં વિખેરી નાંખવામાં આવ્યું છે.ડીસીઆઇ દ્વારા આવકવેરનાં દરોડા કહેવાતા આ સર્ચ અને સર્વે ઓપરેશન બંધ થઇ ગયા છે.

છેલ્લે આ વિભાગે ત્રીસમી માર્ચે કાર્યવાહી કરી હતી આ છેલ્લી કાર્યવાહી ખાનગી પેઢી યુનાઇટેડ સ્ટોક એક્સચેન્જ સામે કરી હતી તેના લગભગ બે મહિના પહેલા તત્કાલિન નાણામંત્રી પ્રણવમુખર્જીએ શ્વેતપત્ર દ્વારા સંસદને ખાતરી આપી હતી કે સરકારે કાળા નાણા ડામવા માટે જરૂરી સંસ્થાઓની રચના કરી છે.

ડીસીઆઇનાં છેલ્લા દરોડામાં ઉપરોક્ત ખાનગી કંપની મની લોન્ડરિંગની ગેરકાયદેસર કામગિરીમાં સંડાવાયેલ હોવાનું કહેવાયું હતું. આ વિભાગે એચએસબીસી બેંક જિનિવામાં ભારતીયોનાં ખાતાઓની તપાસ કરી હતી જેમાં કેટલાક ઉદ્યોગપતિઓનાં પણ નામ બહાર આવ્યા હતા જો કે સરકારે ડીસીઆઇ દ્વારા કોઇ સાંસદની સંડોવણી શોધી કાઢી હોવાનો ઈન્કાર કર્યો હતો.

# ઉત્તર કોરિયાએ વિશાળ સૈન્ય કવાયતની તૈયારી કરી

## ઉત્તર કોરિયાના પશ્ચિમ બંદર નામ્પો ખાતે સૈન્ય કવાયત યોજાશે : પ્યોંગયાંગ દ્વારા મિસાઇલ પરીક્ષણ હાથ ધરવામાં આવી શકે છે

**પ્યોંગયાંગ, તા. ૨૯**



કોરિયાના બે દેશોની વચ્ચે ચાલી રહેલા યુદ્ધના ભણકારા વચ્ચે ઉત્તર કોરિયા વિશાળ સૈન્ય કવાયત યોજવા જઇ રહ્યું છે. દક્ષિણની યોનહાપ ન્યુઝ એજન્સીએ એક અહેવાલમાં જણાવ્યું હતું કે, ઉત્તર કોરિયાના પશ્ચિમ બંદર નામ્પો ખાતે સૈન્ય કવાયત યોજવાની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. એક અધિકારીએ જણાવ્યું હતું કે સૈન્ય કવાયત દરમ્યાન દક્ષિણ કોરિયાને ઉશ્કેરણી કરવામાં આવે અથવા પ્યોંગયાંગ દ્વારા મિસાઇલ પરીક્ષણ હાથ ધરવામાં આવે તેવો પણ ભય વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. નવેમ્બર, ૨૦૧૦માં ઉત્તર કોરિયાએ દક્ષિણ કોરિયાના ટાપુ ઉપર કરેલા સૈન્ય હુમલામાં ચાર વ્યક્તિઓના મોત નિપજ્યા હતાં. ઉપરાંત આ જ વર્ષ દરમ્યાન એક જહાજ ડૂબી જવાની ઘટના માટે દક્ષિણ કોરિયાએ પ્યોંગયાંગને જવાબદાર ઠેરવ્યું હતું. આ જહાજ ઉપર સવાર ૪૬ વ્યક્તિઓના મોત થયા હતાં. ફેબ્રુઆરી મહિનામાં કરેલા પરમાણુ પરીક્ષણ બાદ સંયુક્ત રાષ્ટ્રએ મૂકેલા પ્રતિબંધો તથા દક્ષિણ કોરિયા અને અમેરિકાએ યોજેલી સંયુક્ત લશ્કરી કવાયતથી ગુસ્સે ભરાયેલું ઉત્તર કોરિયા છેલ્લા કેટલાક અઠવાડિયાથી મિસાઇલ હુમલા અને પરમાણુ યુદ્ધ ફાટી નીકળવાની ધમકીઓ આપી રહ્યું છે. છેલ્લા કેટલાક મહિનાઓથી ઉત્તર કોરિયા દ્વારા હાથ ધરાનારા મિસાઇલ પરીક્ષણ અંગે સિયોલ અને વોશિંગ્ટન ખૂબ જ સાવધાની રાખી રહ્યાં છે. આ પરીક્ષણ નોર્થ કોરિયાના સૈન્યના સ્થાપના દિવસે અથવા તેના સ્થાપકના જન્મદિને કરવામાં આવે તેવી શક્યતા છે. પ્યોંગયાંગ મહત્વના દિવસોએ હાઇપ્રોફાઇલ મિલિટરી પરીક્ષણ કરવાની આદત ધરાવે છે. જોકે છેલ્લા કેટલાક સમયથી ઉત્તર કોરિયાએ મહત્વની તારીખોએ એક પણ સૈન્ય પરીક્ષણ કર્યું નથી. સિયોલના સૈન્ય અધિકારીએ જણાવ્યું હતું કે સંયુક્ત રીતે ચાલતી ફેક્ટરીમાંથી દક્ષિણ કોરિયાના બાકીના કામદારો હટાવી દેવામાં આવે ત્યારબાદ ઉત્તર કોરિયા સૈન્ય હુમલો કરી શકે છે.

# કર્ણાટકમાં કોંગ્રેસ માટે સ્પષ્ટ વિજયની સ્થિતિ : ચૂંટણી વરતારો

## કોંગ્રેસને ૯૫થી ૧૨૯ બેઠકો મળવાની છ જેટલા ઇલેક્શન પોલે કરી આગાહી : ભાજપ બીજા અને જેડી (એસ) ત્રીજા ક્રમે રહેશે

**બેંગલુરૂ, તા. ૨૯**

દક્ષિણના રાજ્ય એવા કર્ણાટકમાં આગામી ૫મેના રોજ મતદાન થવા જઇ રહ્યું છે ત્યારે પોલ પ્રિડિક્શન સ્પષ્ટ રીતે જણાવે છે કે આ ચૂંટણીઓમાં વર્તમાનની ભાજપ સરકારનો કેસરિયો રંગ ઉતરશે અને કોંગ્રેસને સ્પષ્ટ જીતની લીલી ઝંડી મળશે.

કર્ણાટક વિધાનસભા ચૂટણી ૨૦૧૩ યોજાવા જઇ રહી છે ત્યારે વિવિધ ટેલિવિઝન મીડિયા દ્વારા ભારતમાં ઘરે ઘરે જઇને લોકોના મંતવ્યો જાણવામાં આવી રહ્યાં છે. તેના આધારે ચૂંટણી પંડિતો પરિણામોનો વરતારો લગાવી રહ્યાં છે. આ વરતારામાં હાર-જીતની ચર્ચા છોડીએ તો બીજી એક મહત્વની બાબત બહાર આવી છે કે આજે પણ અહીં કાસ્ટ એટલે જ્ઞાતિવાદી સમીકરણ મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે.

કર્ણાટકની બેઠકોની વાત કરીએ તો કોઇપણ પાર્ટીને રાજ્યમાં સરકાર બનાવવા માટે ૨૨૪ બેઠકોમાંથી ૨૧૩ બેઠકો મળવી જરૂરી છે. આ અંગે વર્ષ ૨૦૦૮ની સ્થિતિ પર નજર કરીએ તો કોંગ્રેસને ૮૦ બેઠકો, ભાજપને ૧૧૦ બેઠકો, જેડી (એસ)ને ૨૮ બેઠકો અને અપક્ષોને ૨૮ બેઠકો મળી હતી. મતદાન યોજાય તે પહેલા વિવિધ ટીવી ચેનલ્લે પોતાના વરતારામાં શું દર્શાવ્યું છે આવો જાણીએ.

સીએનએન-આઇબીએન ૫ વીકે ચૂટણીમાં કોંગ્રેસને ૧૧૭-૧૨૯, ભાજપને ૩૯-૪૯, જેડી (એસ)ને ૩૪-૪૪ તથા અન્યને ૧૪-૨૨ બેઠકો મળશે તેવી આગાહી કરી છે. સુવર્ણ ન્યુજ-સી ફોરે કોંગ્રેસને ૧૧૫થી ૧૨૭, ભાજપને ૫૦થી ૬૦, જેડી (એસ)ને ૨૫થી ૩૫ બેઠકો, હેડલાઈન્સ ટુડેએ કોંગ્રેસને ૧૧૪થી ૧૨૨, ભાજપને ૪૮થી ૫૬, જેડી (એસ)ને ૩૨-૨૮, અન્યને ૧૦થી ૧૪ બેઠકો, તહેલકાએ કોંગ્રેસને ૧૩૩, ભાજપને ૬૩, જેડી (એસ)ને ૩૧ તથા અન્યને ૧૪, પ્રબોધન રિસર્ચ ગ્રુપે કોંગ્રેસને ૯૫, ભાજપને ૮૧, જેડી(એસ)ને ૨૭ તથા અન્યને ૨૧ બેઠકો મળશે તેવી આગાહી કરી છે.




# રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે રાજસ્થાન રોયલ્સનો ચાર વિકેટે વિજય

## રાજસ્થાન રોયલ્સે હાલમાં જાયન્ટ કીલર મનાતી રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરને ચાર વિકેટે પરાજય આપ્યો : ઘર આંગણે રાજસ્થાન અપરાજેય

**જયપુર, તા. ૨૯**

ગુલાબી નગરી જયપુરનાં સવાઇ માનસિંહ સ્ટેડિયમમાં રમાયેલી આઈપીએલની લીગ મેચમાં રાજસ્થાન રોયલ્સે હાલમાં જાયન્ટ કીલર મનાતી રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરને ચાર વિકેટે પરાજય આપ્યો હતો. રાજસ્થાન રોયલ્સે ટોસ જીતીને બેંગ્લોરને પ્રથમ બેટિંગ આપ્યું હતું ત્યારે હાજર રહેલા દર્શકોને આશા હતી કે આજે ગેલ વિસ્ફોટક ઈનિંગ રમશે પણ તે સોળ બોલમાં છ ચોગ્ગા અને એક છગ્ગા સાથે ૩૪ રન બનાવીને વોટ્સનનો શિકાર બન્યો હતો અને સમગ્ર ટીમે નિયત વીસ ઓવરમાં છ વિકેટ ગુમાવી ૧૭૧ રનનો સ્કોર ખડક્યો હતો પણ રાજસ્થાન રોયલ્સે વીસમી ઓવરમાં છ વિકેટ ગુમાવીને જરૂરી ૧૭૨ રન બનાવી વિજય મેળવ્યો હતો.

જયપુરનાં સવાઇ માનસિંહ સ્ટેડિયમમાં જ્યારે ટોસ જીતીને રાજસ્થાને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરને પ્રથમ બેટિંગની તક આપી ત્યારે લોકોને ચોગ્ગા છગ્ગાના વરસાદની આશા હતી પણ મકુંદ અનેગેલ વચ્ચે ચાર ઓવરમાં ૪૪ રનની ભાગીદારી થઈ ત્યારે વોટસને ભયજનક બનતા જતા ગેલને સેમ્સનનાં હાથે ઝડપાવી દઇ ટીમને પ્રથમ સફળતા અપાવી હતી.ત્યારબાદ કોહલી આવ્યો હતો પણ તેણે પ્રમાણમાં ધીરી રમત દર્શાવી હતી અને ૩૫ બોલમાં ત્રણ ચોગ્ગા સાથે ૩૨ રન બનાવ્યા હતા.ડી વિલિયર્સે તેર બોલમાં એકવીસ, હેનરિક્સે ઓગણીસ બોલમાં બાવીસ રન બનાવ્યા હતા છેલ્લે વિનયકુમારે છ બોલમાં ત્રણ છગ્ગા સાથે બાવીસ રન બનાવી સ્કોરને ૧૭૧ સુધી પહોચાડ્યો હતો. રાજસ્થાન રોયલ્સ તરફથી વોટસને બાવીસ રન આપી ત્રણ વિકેટ ઝડપી હતી.ગેલ અને કોહલીને તેણે જ આઉટ કર્યા હતા.૧૭૧નો સ્કોર ચેઝ કરવા માટે દ્રવિડ અને રહાણેની જોડી મેદાને પડી હતી જો કે રહાણે ફરી ફેલ ગયો હતો અને તે બે રન બનાવીને આઉટ થયો હતો.તો પ્રમોટ કરાયેલા સેમ્સને પણ કેપ્ટનના વિશ્વાસને સાર્થક કરતા ૪૧ બોલમાં ૬૩ રન ફટકાર્યા હતા તો વોટસને પણ ૩૧ બોલમાં ૪૧ રન બનાવી ટીમને વિજય અપાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.હોજે પાછળથી ૧૮ બોલમાં ૩૨ રન ફટકારી ટીમને વિજયની નજીક લઇ ગયો હતો. અર્ધ સદી ફટકારનાર સેમ્સનને મેન ઓફ ધ મેચ અપાયો હતો.



**અર્ધ સદી ફટકારનાર સેમ્સનને મેન ઓફ ધ મેચ :ગેલ સોળ બોલમાં છ ચોગ્ગા અને એક છગ્ગા સાથે ૩૪ રન બનાવી આઉટ**

# ૧૫મી લોકસભામાં ૬૩૪ કલાકનો વેડફાટ : નવો ઈતિહાસ રચાયો

## ૧૫મી લોકસભામાં હંગામાને કારણે અનેક કામગીરી અટવાઇ : અનેક મહત્વના ખરડા લટક્યા : મહત્વની ચર્ચાઓ પણ અધૂરી : સંસદના કામકાજમાં સતત અવરોધ

**નવી દિલ્હી, તા. ૨૯**

મે, ૨૦૦૯માં ઘડાયેલ સંસદની ૧૫મી લોકસભા કામકાજના વેડફાટનો ઈતિહાસ રચી શકે છે. ૧૫મી લોકસભામાં હંગામો ધવા સામે કામકાજ ઘટ્યું છે. ૧૫મી લોકસભામાં ૧૨મા સત્ર સુધીમાં ૬૩૪ કલાકો બરબાદ થઇ છે.

કોઇને કોઇ મુદ્દે સંસદમાં થતા હંગામાની અસર સરકારના કામકાજ ઉપર પડવા લાગી છે. સંસદની કાર્યવાહી ખોરવાતા પેન્ડિંગ ખરડાઓની યાદી પણ સતત લાંબી થઇ હી છે. હંગામાને કારણે સરકાર પેન્ડિંગ ખરડાઓને કાયદાનું રૂપ આપાવામાં નિષ્ફળ નીવડે છે. વર્તમાન લોકસભાની સ્થિતિ જોતાં યુપીએ - ૨ સરકાર સૌથી ઓછા ખરડા પસાર કરનાર સરકારી તરીકે નામ નોંધાવી શકે છે.



યુપીએ-૨ સરકારે વર્ષ ૨૦૧૨ સુધીમાં માત્ર ૧૨૫ ખરડાઓને કાયદાકીય રૂપ આપ્યું છે. યુપીએ-૧એ ૨૪૮ ખરડા પસાર કર્યા હતાં. ગત સરકારનો આંકડો મેળવવો હોય તો વર્તમાન સરકારે આગામી સત્રમાં ૧૨૩ ખરડા પસાર કરવા પડે. જે વર્તમાન સ્થિતિ જોતા અસંભવ લાગે છે. હાલ સંસદમાં ૮૬ ખરડા પેન્ડિંગ છે. ૧૨ ખરડાને સંસદના એક ગૃહની મંજૂરી મળી ચૂકી છે. કેન્દ્ર સરકારના ખરડા પસાર કરવાના કાર્યમાં કોઇ સૌથી મોટો અવરોધ હોય તો તે સંસદ ઠપ્પ થવી છે.

છેલ્લા ૨૫ વર્ષ ધ્યાને લઈએ તો ૧૫મી લોકસભામાં સૌથી વધુ સમય બરબાદ થયો છે. છેલ્લા ચાર વર્ષમાં સંસદ ૭૦ ટકા કરતાં પણ ઓછા સમયનો ઉપયોગ કરી શકી છે. ૨જી સ્પેક્ટ્રમ મામલે હંગામાને કારણે શિયાળુ સત્રમાં ૧૨૪ કલાક બરબાદ થઇ હતી. યુપીએ-૨ સરકારમાં આ એક રેકોર્ડ છે.

સંસદમાં કામકાજના લેખાજોખાને ધ્યાને લઈએ તો ૧૨ માર્ચથી ૨૨ મે, ૨૦૧૨ના ૧૦મા સત્રમાં ૧૮૭ કલાક ૩૬ મિનિટ કામ થયું જેની સામે ૪૮ કલાક ૪૨ મિનિટ હંગામામાં બરબાદ થયા. ૮ ઓગસ્ટથી ૭ સપ્ટેમ્બર, ૨૦૧૨ના ૧૧મા સ્તરમાં ૨૪ કલાક ૨૨ મિનિટ કામકાજ થયું જ્યારે ૭૭ કલાક ૫૧ મિનિટ બરબાદ થયા. ૨૨ નવેમ્બરથી ૨૦ ડિસેમ્બર ૨૦૧૨ના ૧૨મા સત્રમાં ૬૧ કલાક ૪૫ મિનિટ કામકાજ થયું જેની સામે ૫૯ કલાક ૦૭ મિનિટ બરબાદ થઇ.

સંસદના શિયાળુ સત્રમાં ૯૪ ખરડા પસાર કરાવવાની કેન્દ્ર સરકારની ઈચ્છા હતી પરંતુ માત્ર ૨૨ ખરડા જ પસાર થઇ શક્યા. ૧૩મી લોકસભા (૧૯૯૯-૨૦૦૪)માં સૌથી વધુ ૨૯૭ ખરડા પસાર થયા હતાં.

# પાક હિન્દુઓને બળજબરીપૂર્વક માંસ ખવડાવાય છે!

## ભારત આવેલા પાક હિન્દુઓએ ઠાલવી વ્યથા : બાળકીનો ઘરોમાંથી ઉઠાવી જઇને શારીરિક શોષણ કરાય છે : બળજબરીપૂર્વક ધર્મપરિવર્તન કરાય છે

**વારાણસી, તા. ૨૯**



જ્યાં એકતરફ પાકિસ્તાની જેલમાં ભારતીય નાગરિક સરબજીતસિંહ પર થયા હુમલા બાદ સમગ્ર દેશમાં આક્રોશ ચરમકક્ષાએ છે ત્યાં બીજીતરફ કુંભ મેળામાં સ્નાન કરવા માટે ભારત આવેલા પાકિસ્તાનના હિન્દુઓ કોઇપણ સંજોગોમાં પાકિસ્તાન પરત જવા માગતા નથી. માત્ર એક મહિનાના વીઝા લઇને ભારત આવેલા ૪૮૦ હિન્દુ પાકિસ્તાનીઓની વીઝાની મુદત ૮મેના રોજ પૂર્ણ થઇ રહી છે. ધાર્મિક નગરી કાશીમાં પાકિસ્તાનથી આવીને રહેલા પાકિસ્તાની હિન્દુઓ સિંધી પરત જવા નથી માગતા. તેમને ડર છે કે સિંધી પાકિસ્તાનમાં જઇને તેમને ફરીથી અત્યાચારો સહન કરવા પડશે. તેમની છોકરીઓ સાથે બળજબરી કરવામાં આવશે.રાષ્ટ્રીય સિંધી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના પદાધિકારીઓના જણાવ્યા અનુસાર પાકિસ્તાથી આવેલા હિન્દુએ જણાવ્યું કે ત્યાં લોકો ઘરમાં ઘૂસી આવે છે. ધર્મ પરિવર્તનથી માંડી મારઝૂડ કરતાં મહિલાઓ સાથે અશોભનીય વર્તન કરવામાં આવે છે. તેમને બળજબરીપૂર્વક જાનવરોનો માંસ ખવડાવવામાં આવે છે જેના લીધે તેઓ ભારત છોડવા માટે તૈયાર નથી. સિંધી સમાજ એક થઇ સમર્થન પ્રાપ્ત કરી રહ્યું છે જેથી કરીને તે ભારતમાં રહી શકે.

પાકિસ્તાનના સતત અત્યાચારોનો ભોગ બનેલા આ લોકોએ સરકારને ભારતીય નાગરિકતા આપવાની માંગ કરી હતી.

પૂર્વ રાજ્યસભા સાંસદ અને સિંધી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના સ્થાપક સુરેશ કેશવાનીએ જણાવ્યું કે પાકિસ્તાની હિન્દુ સિંધીઓના મોંમાં બળજબરીપૂર્વક માંસ નાખીને ધર્મપરિવર્તન કરવા માટે દબાણ કરવામાં આવે છે. બાળકીઓને ઘરોમાંથી ઉઠાવી જઇ માનસિક અને શારીરિક શોષણ કરવામાં આવે છે.

# હિન્દુસ્તાન યુનીલિવરનો નફો ૧૫ ટકા વધ્યો

## કંપનીનો ત્રિમાસિક નફો વધીને ૭૮૭.૨૦ કરોડ પર પહોંચ્યો : કંપનીના વેચાણમાં ૧૨.૪૮ ટકાનો વધારો

**નવી દિલ્હી, તા. ૨૯**

તેલ, સાબુ, સર્ફ જેવા રોજીંદા ઉપયોગના સામાન બનાવતી હિન્દુસ્તાન યુનીલિવર (એચયુએલ)નો ચોખ્ખો નફો ૩૧ માર્ચ, ૨૦૧૩ના રોજ સમાપ્ત થયેલા ત્રિમાસિકમાં ૧૪.૬૫ ટકા વધીને રૂા. ૭૮૭.૨૦ કરોડ રૂપિયા રહ્યો. આ પહેલાના નાણાંકીય વર્ષ ૨૦૧૧-૧૨ના આ ત્રિમાસિકમાં કંપનીનો ચોખ્ખો નફો રૂા. ૩૮૬.૬૧ કરોડ હતો.

એચયુએલના નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે કંપનીનું ચોખ્ખુ વેચાણ વર્ષ ૨૦૧૨-૧૩ના જાન્યુઆરી-માર્ચ ત્રિમાસિકમાં ૧૨.૪૮ ટકા વધીને રૂા. ૬૩૬૭.૧૪ કરોડ રહ્યું જ્યારે ગત નાણાંકીય વર્ષના આ ત્રિમાસિકમાં કંપનીનું વેચાણ રૂા. ૫૬૬૦.૪૮ કરોડ હતું.

સમગ્ર નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩માં કંપનીના એકીકૃત ચોખ્ખા નફો ૩૭.૨૦ ટકા વધીને રૂા. ૩૮૨૮.૯૮ કરોડ રહ્યો હતો. ગત નાણાંકીય વર્ષ ૨૦૧૧-૧૨માં તે રૂા. ૨૭૯૦.૬૬ કરોડ હતો. એકીકૃત આધારે કંપનાના ચોખ્ખુ વેચાણ નાણાંકીય વર્ષમાં રૂા. ૨૬૩૧૭.૧૫ કરોડ રહ્યું જે ગત નાણાંકીય વર્ષમાં રૂા. ૨૨૯૮૭.૭૩ કરોડ હતું.

કંપનીના જણાવ્યાનુસાર નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩ માટે એક રૂપિયાના ઈક્વિટી શેર પર છ રૂપિયા બોનસ પેટે આપવાની ભલામણ કરવામાં આવી છે.

# માહીની રેસિંગ ટીમ પણ સુપરહીટ

**નવીદિલ્હી, તા. ૨૯**

ભારતીય ક્રિકેટ કપ્તાન મહેન્દ્રસિંહ ધોની આ તરફ આઈપીએલમાં ધુમ મચાવી રહ્યો છે ત્યારે તેની માહી રેસિંગ ટીમ પણ વિશ્વ સુપર સ્પોર્ટસ બાઇક ચેમ્પિયનશીપમાં તહેલકો મચાવી રહી છે. માહી રેસિંગ ટીમનાં રેસરોએ હોલેન્ડનાં આસેમમાં ટીટી સર્કિટમાં બીજુ અને ત્રીજુ સ્થાન હાંસલ કર્યુ હતું.

હાલની ચેમ્પિયન ટીમ કીનન સોફુ ઓગ્લુનાં વિજેતા વાખનિચ મોટરસ્પોર્ટસનાં સેમ લોવેલથી માત્ર ૦.૨૬ સેકન્ડ પાછળ રહેતા બીજુ સ્થાન મેળવ્યું હતું.સોફુ ઓગ્લુની બે રેસોમાં આ બીજી પોડિયમ ફિનિશ હતી. એરેગોનમાં ગત રેસનાં વિજેતા સ્પેનનાં ફેબિયન ફોરેસ્ટે ત્રીજુ સ્થાન હાંસલ કર્યુ હતું તે ત્રણ રેસોમાં ૫૪ અંક સાથે ઓવરઓલ ટોચનાં ક્રમે છે. ફોરેસ્ટે ત્રણ મેચોમાં હંમેશા ટોપ ચારમાં સ્થાન મેળવ્યું છે. તે માઇકલની ડી માર્ક કરતા પાંચ અંક આગળ છે. ફિલિપ આઇલેન્ડમાં પ્રથમ રેસ જીતનાર સોફુ ઓગ્લુની સાથે ૪૫ અંક સાથે ચોથા સ્થાને છે.

**સર્વિસ ટેક્સના વિરોધમાં** અનુસંધાન પાન ૧નું ચાલુ

ટેક્ષના અમલીકરણના વિરોધમાં રાષ્ટ્રવ્યાપી વિરોધના ભાગરૂપે આજે ગુજરાતભરની તમામ હોટલો રેસ્ટોરન્ટો બંધ પાળ્યો હતો. આ સંદર્ભે હોટલ એસોસીએશન તરફથી એક આવેદન પત્ર પણ આપવામાં આવ્યુ હોવાનું જાણવા મળે છે. ગુજરાતમાં આજે એક દિવસ હોટલો-રેસ્ટોરન્ટો બંધ રહેતા પેટલ ઉદ્યોગને ૧૦ થી ૧૫ કરોડનું નુકશાન થવાનો અંદાજ છે. ગુજરાત રાજ્ય હોટલ ફેડરેશનના જણાવ્યા અનુસાર રેસ્ટોરન્ટ અને હોટલ માલિકો પહેલેથી જ ૧૫ ટકા વેટ ચૂકવે છે. જો આ વધારાનો સર્વિસ ટેક્ષ લાદવામાં આવે તો ગ્રાહકો પર તેનો બોજો અસહ્ય હશે. એસી અથવા આંશિક રીતે એસી રેસ્ટોરન્ટ ઉપર નવા નિયમો અને ટેક્ષ લાગુ કરવાથી વેપાર-ધંધાને માઠી અસર થશે. નવો સર્વિસ્ ટેક્ષ લાદવાને કારણે ૩૫/૪૦ જેટલી એસી રેસ્ટોરન્ટો તેમના શટર્સ બંધ કરી દીધા હોવાનું જાણવા મળે છે. ટેક્ષ વધવાને કારણે ગ્રાહકો ઉપર બોજો પડવાને કારણે ગ્રાહકો ઘટે તે પોષાય એમ ન હોવાનું હોટલ માલિકોનું કહેવું છે. રાજ્ય સરકાર પણ માની રહી છે કે કેન્દ્ર સરકારે જે સર્વિસ ટેક્ષ લાદવામાં આવ્યો છે તે હોટલ ઉદ્યોગને ઘેરી અસર કરશે. અને આ માટે રાજ્ય સરકાર તરફથી પણ કેન્દ્ર સરકાર સાથે મંત્રણા કરવાનું આયોજન પણ ઘડાઈ રહ્યુ હોવાનું સુત્રો જણાવે છે. સર્વિસ ટેક્ષને કારણે કેટલીક હોટલોના માલિકોને તેમના રેસ્ટોરન્ટમાંથી એસી દૂર પણ કરી દીધા છે. ઉનાળાના ધોમ ધખતા તાપમાં જ્યારે શહેરનું તાપમાન ૪૨ ડીગ્રીને પણ ઓળંગીસ ગયું હોય ત્યારે એસી વગરની હોટલ રેસ્ટોરન્ટમાં સ્વાભાવિક છે કે ધરાકો ઓછા જાય. જેની અસર હોટલ ઉદ્યોગ પર પણ પડશે. એપ્રિલ માસમાં જ નવા સર્વિસ ટેક્ષને કારણે ૩૫-૪૦ જેટલી રેસ્ટોરન્ટ/હોટલોએ એર કન્ડીશન્ડ દૂર કરી પંખા ચાલુ કર્યા હોવાનું જાણવા મળે છે. રાજ્યના નાણાંમંત્રીએ જણાવ્યુ હતુ કે હોટલ/રેસ્ટોરન્ટમાં એરકન્ડીશન્ડ હોવું તે લકઝરી નથી. મોટી મોટી હોટલો/રેસ્ટોરન્ટો કદાચ આ ટેક્ષ સહન પણ કરી શકે. પરંતુ મધ્યમ કે નાની હોટલો/રેસ્ટોરન્ટો માટે આ ટેક્ષને કારણે ધંધો બંધ કરવાની સ્થિતિનું નિર્માણ થાય. ૨૦૧૩-૧૪ના કેન્દ્રીય બજેટમાં નાણાંમંત્રીએ સર્વિસ ટેક્ષ નાંખવાની કરેલી જાહેરાતને કારણે આજે દેશની સમગ્ર હોટલ રેસ્ટોરન્ટ બંધ પાળીને પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો.

